**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦ આજીવન ૨૫૧-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૫૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧. ફોન : **૨૨૦૬૫૫૧**

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય | તંત્રીશ્રી | ૩ |
| નામસ્મરણ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| ઉત્તમ તમે પોતે જ છો | અરૂણ યાર્દી | ૧૦ |
| સામુહિક યજ્ઞોપવિત પર્વ | મા સર્વેશ્વરી | ૧૩ |
| સમૂહ યજ્ઞોપવિતનો અપૂર્વ અવસર | શ્રી જ્યોત્સના ત્રિવેદી, શ્રી યોગેશ પંડ્યા | ૨૧ |
| સ્વર્ગારોહણને આંગણે અપૂર્વ અવસર | મંજુલાબેન ભાવસાર | ૪૦ |
| પૂ. માની નિત્ય નોંધ | મા સર્વેશ્વરી | ૪૫ |
| સૌથી સહેલો સાક્ષાત્કાર | યોગભિક્ષુ | ૫૧ |
| સંતો—બ્રહ્મવેત્તાઓની પરીક્ષા કોણ કરી શકે? | પ્રા. જનાર્દન દવે | ૫૩ |

## ભક્તિસુધા

જુગારી રત જુગારમાં, ધેનુ રત નિજ બાલ;
કદા પ્રકટશે મુજ વિષે, પ્રભુમાં એવું વા'લ? ૫૪
બેડાવાળી સ્ત્રીતણું, મન જયમ બેડામાંય;
ત્યમ પ્રભુમાં મુજ મન કદા, સ્થિર થઇ જાય ન ક્યાંય? ૫૫
નટનું મન જયમ દોરમાં, થઇ રે'છે અતિલીન;
ત્યમ પ્રભુમાં મમ મન કદા, થશે લીન થઇ દીન? ૫૬
વિષયીની જેમ વિષયમાં, છે અતિઘાટી પ્રીત;
ત્યમ પ્રભુમાં ક્યારે થશે, અવિરલ રતિની રીત? ૫૭

## સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

કેનેડાના ટોરન્ટો શહેરમાં ૧૯૮૧ થી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની જ્યોત્ ભક્તદંપતી શ્રી સુરેશભાઇ શાહ, શ્રીમતી વિમળાબેન શાહે પ્રગટાવી છે. આજે તો તે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રકાશિત થઇ રહી છે.

અતિનિયમિત સત્સંગ, અતિનિયમિત આરતી અને કેન્દ્રના સૌ સભ્યોની નિયમિત હાજરી અને પોતાના આંગણે સત્સંગ રાખીને અપાતી ભેટ અને વિશેષ દિવસોમાં આવતી ભેટ. બધું જ નોંધપાત્ર છે.

એ કેન્દ્રના સર્વ ભાઇબેનોની શુભેચ્છાનો શ્રી-લક્ષ્મીજીનો પ્રસાદ અધ્યાત્મને પણ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ છે.

આ માસના અધ્યાત્મનો સંપૂર્ણ પ્રકાશન ખર્ચ એ કેન્દ્ર ઉપાડી રહ્યું છે.

ધન્યવાદ, હે ધ્યાનકેન્દ્ર, ધન્યવાદ કેન્દ્રના સૌ ભાઇબેનોને, ધન્યવાદ હે ભક્તદંપતી સુરેશભાઇ શાહ અને વિમળાબેન શાહને.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશન જીવન-ભર આપ સૌના હાથમાં સુરક્ષિત રહો એ જ પ્રાર્થના.

– મા સર્વેશ્વરી



## નામસ્મરણ

યોગેશ્વરજી

કલિયુગ કૂડો અને રંગે રૂડો છે. એમાં દોષો, દૂષણો, આકર્ષણો, પ્રલોભનો, પીડાઓ, પરિતાપો, ભયસ્થાનોનો પાર નથી.

એમાં જીવન અલ્પ, અતિશય અલ્પ અને એ પણ વાયુવેગે વહી જનારું છે. પ્રાણીના પ્રમત્ત પ્રમાથી પ્રવાહની પેઠે—પ્રબળ વેગે પ્રવાહિત થનારું.

એનો અધિકાંશ શૈશવાવસ્થાની ક્રીડામાં. યુવાવસ્થાના મોહમાં, વૃદ્ધાવસ્થાની દીનહીન અસહાય અવસ્થામાં વિપત્તિ–વ્યાધિ—વેદનામાં વીતી જાય છે.

એટલે જેને જીવન, જાગૃતિપૂર્વકનું, સમજ સાથેનું જીવન કહીએ એવું જીવન અતિશય અલ્પ—સ્વલ્પ છે.

એવા જીવનમાં આત્મકલ્યાણનું ક્યું સાધન કરી શકાય? ભગવાનના નામસ્મરણનું સાધન સરળ, સીધું, સારવાહી અત્યંત અસરકારક, આશીર્વાદરૂપ અને અમોઘ છે. સર્વ સાધનોના સારરૂપ છે. શાસ્ત્રો જણાવે છે કે સત્યુગમાં ધ્યાનથી, ત્રેતાયુગમાં યજ્ઞયાગથી, દ્વાપરમાં સેવા અને આરાધનાથી ઈશ્વરપ્રાપ્તિ થઇ શક્તી ને જીવનનું પરમસાર્થક્ય સધાતું. પરંતુ કલિયુગમાં તો ભગવાનના નામસ્મરણ કે નામસંકીર્તનથી એ હેતુની સિદ્ધિ થાય છે. કલિયુગમાં કેવળ નામનો જ આધાર છે. બીજી કોઇ ગતિ નથી. શક્તિ કે સાધના સામગ્રી નથી. કલિયુગ જેવો સ્વલ્પ સાધનને મહાનફળ આપનારો. ઓછી મૂડીએ મોટો

નફો કરાવનારો બીજો કલ્યાણકારક યુગ નથી. એ દરમ્યાન ભગવાનના નામનો ગુણાનુવાદ કરવાથી સંસારને અનાયાસે પાર કરી શકાય છે.

નામના સ્મરણની સાથે ઈશ્વરના શરણની સદ્ભાવના સંકળાયેલી છે. એમાં પરમેશ્વરની પતિતપાવની પ્રીતનો પારાવાર પડેલો છે. શ્રદ્ધાભક્તિની સુંદર શાંતિમયી સુધાપ્રદાયિની સરવાણ સરવાણી સમાયેલી છે. સ્મરણની સાથે એકાગ્રતા આવે છે. આનંદ અનુભવાય છે. પરમાત્માની પરાત્પર ચેતના સાથે સંબંધ બંધાય છે, અનુસંધાન સધાય છે.

નામસ્મરણ એકાગ્રતાસહિત કરાય કે એકાગ્રતા સિવાય કરવામાં આવે, સમજીને થાય કે સમજ્યા વિના થાય, રસપૂર્વક કરવામાં આવે કે રસ વિના, ભાવે કે કભાવે કરાય તો પણ નિરર્થક નથી થતું, નિષ્ફળ નથી જતું, શ્રેયસ્કર ઠરે છે. સ્મરણ કરતાં કરતાં કાળાંતરે રસ જાગે છે, જ્ઞાન પ્રગટે છે, ભાવજન્મે છે, એકાગ્રતા અનુભવાય છે, પ્રેમ પ્રબળ બને છે અને એવા અનેક લાભ થાય છે.

માટે બીજા સાધનોની ચિંતા તથા ભ્રમણામાં પડ્યા વિના નામસ્મરણ કરતા રહેવું.

*હરિ નામ મધુર, હરિ નામ મધુર, હરિ ગાઓ.*
*હરિ રૂપ મધુર, હરિ રૂપ મધુર, હરિ ધ્યાવો.*



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.**
**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૧ એપ્રિલ—૨૦૦૯ અંક ૭**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૯—૧—૮૨ વડોદરા**

રાત્રે પૂ. શ્રી જપ કરી લે છે. સવારે સમયસર સ્નાન કરી નિયમિત વ્યાયામ કરી લે છે. લેખનકાર્ય ચાલુ થઇ જાય છે. આજકાલ પૂ. શ્રી ઉત્તરકાંડની ચોપાઇનો સીધો જ પાકો અનુવાદ કરીને ઉતારે છે. એમાં મન એકાગ્ર કરવાનું રહે છે. પરિણામે લેખનકાર્યની વચ્ચે કંઇક અગત્યની વાતો પણ સર્વેશ્વરી પૂછી ન શકે. જો કે દરરોજ એ રીતે એકાગ્રતાથી લેખનકાર્ય ચાલતું હોય તેમાં સંપૂર્ણ શાંતિ જાળવવાની રહે છે.

આજે સવારની મુલાકાતમાં દરરોજ આવનારાં ભાઇબેનો હતાં. પૂ. શ્રી સાથે થોડી વાતો થઇ. પ્રશ્નોત્તરી ખાસ ન થઇ. સર્વેશ્વરી પાસે નોંધપોથીના એક દિવસનું વાંચન કરાવ્યું. આજે શ્રી છગનભાઇ અમીન પૂ. શ્રીને નાનકડી ૭૫ પુસ્તિકા ભેટ

આપી. જેમાં પૂ. શ્રીની સ્તુતિ, ભજનો, બાવની, વગેરેનો સમાવેશ થતો હતો.

મુલાકાત પહેલાં પૂ. શ્રીએ પ્રિય એવી ખીચડી ને શાકનું ભોજન લીધું.

મુલાકાત બાદ સૌએ પ્રસાદ લઇ વિદાય લીધી. પૂ. શ્રીએ આરામ કર્યો આજે શરદીની થોડી અસર હોવાથી આરામ જ કર્યો.

સાંજે સમય થતાં સૌ ભાઇબેનો આવી ગયાં. પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને પ્રણામ કરી બેઠાં, ગીતાના અધ્યાયનો પાઠ થયો.

પછી સર્વેશ્વરીએ વિદેશયાત્રાના ૭૧ મા દિવસની નોંધ વાંચી સંભળાવી. પૂ. શ્રીએ એ પછી થોડા પ્રશ્નો સર્વેશ્વરીને પૂછ્યા. સર્વેશ્વરીએ એના ઉત્તરો આપ્યા.

પછી પ્રશ્નો પૂછવા હોય તો પૂછો એટલે પ્રશ્નો શરૂ થયા.

પ્રશ્ન : સંતોને કઠોર સાધના કરવી પડે પણ તેના ચરણે બેસનારને તરત શાંતિ મળે છે. એવું કેમ?

પૂ. શ્રી : આંબાને ઉગાડવામાં કેટલી મહેનત પડે! રોપા કરે, વાડ કરે, પાણી આપે, મરવા આવે કેરી થાય અને પછી આંબા પાસે બેસે તેને તરત જ કેરી મળે. પણ આંબા પાસે કાંઇ બધા બેસી શકે છે?

સંતોએ સાધનાના ગોટલા વાવ્યા, રોપા લગાવ્યા, ઝાડ થયાં, મરવા ફૂટ્યા, કેરી થઇ.

ત્યાં બેસનારને શાંતિ મળી જાય, પણ બેસવું કંઇ રમતવાત માનો છો? બેસવાનું મન જ ન થાય. બેસી રહેવું એ પણ અઘરું છે. પૂર્વનાં પુણ્યો ને સંસ્કારો હોય તે બેસે.

પ્રશ્ન : કેટલાક પોતાને જ્ઞાની કે સંત, અરે? સંતથી પણ ડાહ્યા સમજે છે. ત્યારે તેમની સામે કેવું વર્તન આપણે કરવું?

પૂ. શ્રી : તુલસી ઇસ સંસારમેં, ભાત ભાત કે લોગ,



સબસે હિલમીલ ચાલીયે, નદી નાવ સંજોગ.

એ દોહો ગાયા કરવો. ને વિચારવું પ્રભુ શું તારી માયા છે? જે પદાર્થ નથી ને માનવા માંડે છે. પ્રભુ આ માયાને પણ નમસ્કાર. તેની સામે ન રાગ રાખો ન દ્વેષ રાખો ન માયા રાખો. સાક્ષી બનીને જોયા કરો, ને પ્રભુને ભૂલો નહીં. એવી માયાના આપણે શિકાર ન બનીએ એવી પ્રાર્થના કરો.

સંતોનું સન્માન કરો. સંતોના સ્વામીનું સન્માન કરો. પ્રીતિ રાખો.

જુઓને, રામાયણમાં ભરત ૧૪ વરસ વીતી ગયા. કેવી પ્રીતિ! આદર્શ જ્ઞાની પોતાને ભક્ત જ માને છે.

હનુમાનજી ભરત પાસે આવે છે.

રહ્યો એક દિન અવધિ તણો, થઇ રહ્યો સંતાપ ઘણો.

(એમ કહી પૂ. શ્રીએ પોતાનો લખેલો રામાયણનો અનુવાદ સૌને ગવડાવ્યો.)

પ્રશ્ન : રામની સ્મૃતિમાં આપે આટલો બધો પરિશ્રમ ઉઠાવ્યો તો રામે દર્શન આપ્યું કે નહીં?

પૂ. શ્રી : પ્રકાશના પંથેમાં એ વાત આવી છે કે રામે દર્શન આપેલું પછી ૧૯૪૪ થી મારી એ ઇચ્છા હતી કે 'રામાયણ'ને ગુજરાતી કાવ્યમાં ઉતારું એટલે પરિશ્રમ મને લાગતો નથી.

ભગવાન રામને થયું હશે કે આટલું મોટું કામ થશે એટલે પહેલાં જ દર્શન આપી આવવા દે.

ત્યાં તો સમય થવા આવ્યો પૂ. શ્રીએ સર્વેશ્વરીને ફરી એક બે પ્રશ્નો પૂછ્યા. વળી કહ્યું એક ભજન પરદેશમાં લખ્યું હોય તો સંભળાવવાની ઇચ્છા હોય તો સંભળાવો.

પરિણામે સર્વેશ્વરીએ ભજન સંભળાવ્યું. શાંતિપાઠ થયો.

આજે ભોજનમાં કણકી ને દૂધ લીધાં. બાદ એક કલાક

આરામ કર્યો ને વળી પોતાની થેલીમાં જે લેખો છે, તે જોવામાં પૂ. શ્રીએ એક કલાક જેટલો સમય ગાળ્યો. પછી આરામ કર્યો.

રાતે પૂ. શ્રી મોટે ભાગે બેસીને, હરતાં ફરતાં જપ કરતાં સમય પસાર કરે છે. માંડ એક કલાક લાંબા થઈને સૂતા હોય એવું જોવા મળે છે.

આખો દિવસ પ્રવૃત્તિમય જીવનવાળો બની જાય છે. નિયમિત લેખન, નિયમિત વ્યાયામ ને નિયમિત ભોજન, નિયમિતભરી જીવનની ક્ષણે ક્ષણ. એ નિયમિત જીન્દગીમાં વયમર્યાદા પૂ. શ્રીને બાધક બનતી નથી. શરીર હાર્ટએટેકની ભયંકર માંદગી પછી પણ એકધારું સ્વસ્થતા બતાવી રહ્યું છે. એ ઈશ્વરની કૃપા ગણાય. જેની પાસે પ્રભુએ કામ કરાવવું છે, તેને સદા પ્રભુ સ્વસ્થ જ રાખે. હા, કદાચ કોઈવાર વચ્ચે વધુ વિશ્રામની જરૂર હોય તો પ્રભુ માંદગી પણ આપે.

પૂ. શ્રી વિદેશયાત્રા દરમ્યાન પણ અત્યંત સ્ફૂર્તિથી સતત પ્રવૃત્તિશીલ રહી શક્યા. લાંબી હવાઈ મુસાફરીનો પણ ખાસ થાક ન લાગ્યો. એ ઈશ્વરની પરિપૂર્ણ કૃપા ગણી શકાય.

હરિઃ ૐ.

(ક્રમશઃ)

સત્પુરુષો ક્ષણવાર જ કોપવાળા હોય છે. પાણી સ્વભાવથી શીતળ જ છે; માત્ર અગ્નિ તથા તાપના સમાગમથી જ તે ગરમ થાય છે, પણ તેથી છૂટું થતાં પાછું તે શીતળતાને પામે છે.

(પ્રહલાદ : શુક્રાચાર્ય પ્રત્યે)



# ઉત્તમ તમે પોતે જ છો

અરુણ યાર્દી

આ ધરતી પર જ્યારે માનવનું આવવાનું થયું ત્યારે કેટલાક દેવોએ એક રમત રમવાનો વિચાર કર્યો. એક દેવે કહ્યું "ચાલો, આપણે માનવજીવનનું રહસ્ય કશે સંતાડી દઈએ, જેથી માનવી તેને શોધી શકે નહીં."

બીજાએ કહ્યું : "સારો વિચાર છે. ક્યાં સંતાડીશું?"

કોઈએ કહ્યું: "ઊંચામાં ઊંચા પર્વતના શિખર પર સંતાડી દઈએ, જેથી માનવી ત્યાં પહોંચી ન શકે."

કોઈએ તરત ઉમેર્યું : "ના ના, જે એવરેસ્ટ પર ચઢી શકે તે ગમે તે શિખર પર ચઢી શકે. ત્યાં રહસ્ય સંતાડવા જેવું નથી."

ફરી કોઈએ કહ્યું : "તો પછી સમુદ્રના તળિએ જ સંતાડી દઈએ."

તરત જવાબ આવ્યો : "અરે ના ના. પૃથ્વી પરના લોકો જબરા છે. તે સબમરીન શોધીને તળિયે પહોંચી જશે."

આમ માનવીય જીવનના રહસ્યને ક્યાં સંતાડવું તે અંગેની મથામણ દેવોમાં ખૂબ ચાલતી રહી. રહસ્ય સંતાડવાનું કોઈ સુરક્ષિત સ્થાન જ જડતું ન હતું, કારણ કે માનવની બધે જ પહોંચી જવાની ક્ષમતા છે. એવામાં એક દેવને ઝબકારો થયો . તેમણે કહ્યું "આ ગૂઢ રહસ્યને આપણે માનવીની અંદર જ છૂપાવી દઈએ તો? ત્યાં સુધી કોઈ સમર્થ વ્યક્તિ સિવાય બીજા પહોંચી જ નહીં શકે!"

બધા દેવો આ યોજના માટે સંમત થયા અને સફળ પણ થયા, કારણ કે કેટલાક જૂજ અપવાદો બાદ કરતાં, ત્યાં કોઈ

પહોંચી જ શક્યું નથી. બિચારો માનવી આજ દિ' સુધી જીવનનું રહસ્ય તેની બહાર જ શોધતો જ ફરે છે, તે તેને જડતું નથી, કારણ કે તે તો તેની અંદર જ પડેલું છે, જેની તેને જાણ નથી. અજ્ઞાનમાં ને અજ્ઞાનમાં માનવી માનતો રહ્યો કે તેની સમસ્યાઓનાં કારણો તેની બહાર જ છે, તેથી તેના ઉકેલો પણ બહાર જ છે. અંદરના શાંત, સૌંદર્યથી મઢેલા, રહસ્યોથી ભરેલા, આહ્લલાદ્ક પ્રદેશ તરફ તેનું ધ્યાન જ નથી.

સ્વામી બિયોદાનંદ આ હકીકતને ખૂબ માર્મિક રીતે મૂકે છે. માનવીની વ્યથા તેઓ માનવીના જ મુખે મૂકીને કહે છે કે; ‘‘મારી પાસે એક માઠા સમાચાર અને એક સારા સમાચાર છે. માઠા સમાચાર એ છે કે જે દરવાજાની પાછળ જીવનનું રહસ્ય છુપાયું છે તે દરવાજાની ચાવી ખોવાઈ ગઈ છે. અને સારા સમાચાર એ છે કે તે દરવાજાને કદી તાળું માર્યું જ નથી.’’

માણસનું દુર્ભાગ્ય જ એ છે કે જે રસ્તે નિરંતર સુખ અને આનંદનું ઝરણું વહે છે તે રસ્તા પર તેનું ધ્યાન જ નથી અથવા તે રસ્તો બંધ છે એમ તેને લાગે છે. તેની પ્રત્યેક સમસ્યાનો જ્યાં સહજ અને સરળ ઉકેલ પડેલો છે તે અખંડ સ્રોત તરફ તે હંમેશાં ઉદાસીન રહે છે અને સમસ્યાઓ પેદા કરનાર બાહ્ય જગતમાં રચ્યોપચ્યો રહે છે.

કોઈ શંકરાચાર્ય, કોઈ વિવેકાનંદ, કોઈ નરસૈંયો પોતાની અંદર છુપાયેલા ખજાનાને ભાળી જાય છે, તેના સૌંદર્ય અને તેની તાકાતને પામી જાય છે અને પોતાના જીવનને સાર્થક બનાવી જાય છે. અંદર નજર નાખવા માટે દરેકે શંકરાચાર્ય કે વિવેકાનંદ જેવા બનવું એ જરૂરી નથી. છગનભાઈ, મગનભાઈ, ચંદુભાઈ, હિતેન, અશોક, રાજેશ, મણિબહેન, સરિતાબહેન, સેજલ, કિંજલ... જેવી કોઈ પણ સામાન્ય વ્યક્તિ



પણ અંદરના સૌંદર્યને અને જાદુને જાણે અને માણે તે તેના અધિકારની વાત છે.

તમારી સમસ્યાના ઉકેલ માટે આમતેમ ફાંફાં મારવાની કોઈ જ જરૂર નથી. કોઈ બાધા, કોઈ તાવીજ, કોઈ આશ્રમ, કોઈ ગુરુ દેવ, કોઈ કીમિયો... તમને મદદરુપ થશે નહીં. બહારની મદદ કામચલાઉ અને ટૂંકાગાળાની હોય છે. અંદરથી મળેલી મદદ કાયમી હોય છે. ઉત્તર તમારી બહાર નથી; તમારી અંદર જ છે. ઉત્તર કોઈ બીજો નથી. ઉત્તર તમે પોતે જ છો. જરૂર છે ભીતરમાં ડોકિયું કરવાની.

(સાધનામાંથી સાભાર)

ઈહલોકની તમારી આ યાત્રા કેવળ સ્થૂળ, ભૌતિક બાબતોમાં રાચીને મૃત્યુધર્મને પામવા માટે નથી. પ્રત્યેક જીવાત્મા તેના પોતાના શાશ્વત સ્વરૂપને પામવાના— આત્મસાક્ષાત્કાર પામવાના દિવ્ય પ્રારબ્ધ સાથે જ જન્મે છે. તમારું જીવન ઉચ્ચ મૂલ્યો માટે છે, એ શાશ્વત સંદેશને હંમેશ યાદ રાખો. —કઠોપનિષદ્

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**

મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**❖ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❖**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,

ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

### સ્વર્ગારોહણને આંગણે અપૂર્વ અવસર

# સામુહિક યજ્ઞોપવિત પર્વ

**સર્વેશ્વરી મા**

સ્વર્ગારોહણમાં એક મોટું પર્વ ઉજવવાના ઉત્સાહમાં નાના મોટા સહું કાર્યરત છે. સ્વજનો બાળકો સહુ આવી રહ્યા છે. અરે! શહેનાઈવાદન પણ માઈક પરથી સંભળાઈ રહ્યું છે. શ્રી હરિના ધામમાં હરિ સુઝાડે તે તે કાર્ય કરતાં રહેવાનું છે.

સાત બાળકો સ્વર્ગારોહણના સ્વજનો જ છે. જેમના યજ્ઞોપવિત સંસ્કાર થશે. (૧) દ્દષ્ટા (૨) વ્રતી (૩) ઉધ્ધવ (૪) વ્રજ (૫) નિર્ભય (૬) નૈતિક (૭) નિશાંત

સાત બાળકોને દોઢ મહિનાથી સૂચના આપી હતી કે શ્રી યોગેશ્વર સ્તુતિ બાવની આવડવી જોઈએ અને સાચે જ માતા પિતાએ એ સ્તુતિ બાળકોને મોઢે કરાવી દીધી.

સાત બટુકોએ પોતાની દેવ પગલીથી સ્વર્ગારોહણ તીર્થને જાણે ગૌરવ ધર્યું છે.

બટુકોના સગાં સ્નેહીઓ પણ ખાસ આવી ગયાં છે ગણેશ પૂજા પણ આજે થઈ છે.

સાત વેદીઓનું સ્થાપન પણ થયું છે. જન્મ પછીના વિવિધ સંસ્કારોની સમજ શ્રી પંડિતજી માઈક ઉપરથી કરી રહ્યા છે. સાત બાળકો પણ મૌન ધરીને બાળયોગી બનીને સાંભળી રહ્યા છે. નાની નાની આંખ જાણે પ્રભુના નેત્રકમળ જેવી નિર્દોષ પ્રેમભરી. તે સૌની નજર વારંવાર સામે બેઠેલા મા પર ઠરે ને એવું સુંદર મન મોહક સ્મિત કરીને પોતાનો પરિશ્રમ ભૂલી જતા જોવા મળ્યા.



૨,૩, ક્લાક પૂજનમાં માતા–પિતાની મધ્યમાં બેસીને થાકેલા બટુકો જાણે માની સામે જોતા માના હાસ્યને માણતા પાછા શક્તિથી ઉભરાતા જોવા મળ્યા.

સાત બટુકોના માતા–પિતા, દાદા, મામા, કાકા, ફૂઆ બધા જ હાજર થયા છે. સગા સ્નેહીઓ પરિવારના સહુ સભ્યો વચ્ચે બટુકો વીટળાયેલા રહ્યા છે, પણ સમય મળતા જ મા પાસે દોડી આવે છે.

સ્વગારોહણમાં જાણે એક મહા મંગલ મહોત્સવ. જાણે સગાં સ્નેહીઓથી સ્વગારોહણ છલકાતું મલકાતું બનીને બટુકોને અંકે રમાડી રહ્યું છે.

સ્વર્ગારોહણ જાણે સૌની મા. અહીં આ વિશાળ અંકે સહુ ઠરે. હાશ પામે, આનંદ પામે, શાંતિ પામે.

આ બટુકો પણ પોતાનું સ્થાન છે એમ માનીને મસ્ત બનીને મહાલી રહ્યા છે. આનંદ મંગલ ચારે દિશાએથી અહીં જ વસી ગયું છે. વર્ણન વાંચીને શું વળે પ્રત્યક્ષ આવે તે જ પામે. તે જ માણી શકે પૂર્ણપણે.

આ યજ્ઞોપવિત પર્વ ઘણી ઘણી રીતે વિશેષ હતું વૃક્ષોની શીતળ છાંયડીમાં જાણે કોઈ ઋષિમુનિઓનો આશ્રમ હોય અને આ સંસ્કાર પર્વ ઉજવાતું હોય એવું દિવ્ય અલૌકિક વાતાવરણ હતું.

નાના મોટા સહુ સંપ અને પ્રેમથી એકસૂત્રે બંધાઈને આ પર્વને પોતાનું માની વધાવી રહ્યા છે. જાણે સાત બટુકો સર્વ સગાં સ્નેહીને એક જ પરિવારનાં સભ્ય બનાવી સુરીલું સંગીત સ્નેહનું સંભળાવી રહ્યા છે.

નાના બટુકો પણ આ રીતે સેવા કરી શકે છે. પોતાની

હાજરી માત્રથી પોતાને નિમિત્ત બનાવીને એ બાળદેવતાઓએ અહીં નંદનવનનું જાણે નિર્માણ કર્યું છે. આ નંદનવનમાં બાળકૃષ્ણો જાણે લીલા કરી રહ્યા છે.

રાતે ગરબામાં પણ આ બટુકો થાક્યા ન હતા. જાણે સર્વ સગા સ્નેહી તથા સ્વર્ગારોહણની ધરતી જાણે બટુકોને સોડમાં સંતાડીને સતત શક્તિ સ્ફૂર્તિ ધરતી જોવા મળે છે.

હમણાં બે દિવસ જાણે આ બધા બટુકોનું સામ્રાજ્ય. જાણે ૭ રજવાડાના ૭ રાજા. સૌ સન્માને. સહુએ એમનું માને. એ બાળનગરીના સર્જક ભગવંતને પ્રણામ, પ્રણામ, પ્રણામ.

સાત બટુકોને જાણે ઉપરના લોકમાંથી સ્વર્ગારોહણને મહિમા ધરવા આ લોકે પોતાના યજ્ઞોપવિત સંસ્કાર કરાવી સહુને આ તીર્થની તાકાતનું દર્શન કરાવી રહ્યા છે.

લગભગ ત્રણ ક્લાકની એક ધારી સંસ્કાર સંપન્ન કરતી શાસ્ત્રોક્ત વિધિ આ સાત બટુકોએ પસાર કરી યજ્ઞોપવિત ધારણ કરવાની પૂર્ણ તૈયારી કરી લીધી છે. પોતાના મસ્તકેથી વાળને વિદાય આપી મા પાસે એ બટુકો પધારે છે. મા એ સૌના મસ્તકે ચંદનનો લેપ કરે છે. યજ્ઞોપવિત ધારણ કરાવે છે. તે પછી હવન કરાવી મા પાસે ભિક્ષા માટે પધાર્યા છે.

માએ મિષ્ઠ પદાર્થ તથા વસ્ત્ર અર્પણ કર્યાં છે. બધી જ વિધિ પૂર્ણ થયા પછી મા વિવિધ વસ્તુઓથી આ બાળદેવતાઓને પ્રસન્ન કરે છે.

તે પછી શોભાયાત્રામાં બાળકો શણગારેલા વાહનમાં બેઠા છે મા પણ એમની સાથે અંદર બેસે એવો આગ્રહ એ બાળદેવતાઓ કરી રહ્યા છે.

આજનો પ્રસંગ અદ્‌ભુત રીતે પાર પડ્યો. બટુકો પ્રસન્ન, માતા—પિતા પ્રસન્ન, સગાં સ્નેહીઓ પ્રસન્ન, જોનારા પ્રસન્ન, આયોજકો પ્રસન્ન તન, મન, ધનથી સેવા કરનારા સેવકો પણ પ્રસન્ન, પ્રસન્ન, પ્રસન્ન. વિધિ કરાવનાર આચાર્યો પણ પ્રસન્ન. તો વળી ઢોલી વગાડનાર પણ પ્રસન્ન, પ્રસન્ન. જાણે ઉપરના પ્રદેશની પરમ પ્રસન્નતા અહીં પર્વ માણવા આવીને સ્થિર થઇ ગઇ.



પર્વ પૂર્ણ થતાં સૌ વિદાય થયા. પર્વના પ્રારંભે અને પર્વના અંતે વિધિ કરાવનાર આચાર્યો મંચ ઉપર આવીને વંદે છે. એ સૌની સ્મરણીય નમ્રતા નોંધપાત્ર હતી.

દૃષ્ટા, વ્રતી, ઉધ્ધવના નામ તો મા પાસેથી જ મળ્યાં છે એટલે કે જન્મથી જ સહુ માને જાણે છે. બધા માતા—પિતા ગૌરવ લે છે. અમારા પ્રસંગો તો સ્વર્ગારોહણમાં જ શ્રેષ્ઠ રીતે પાર પડે છે. અમારો સઘળો ભાર જાણે માએ લીધો છે. પણ મા જાણે છે કે ગુરુભગવંતનો આ લીલાવિહાર છે. હે સમર્થ નાથ, પ્રણામ, પ્રણામ, પ્રણામ. ગઇરાતે જાણે સૌ હળવા થઇ ગયા. એક ઘણા મોટા ઉત્સવમાંથી સહુ મુક્ત થઇ ગયા. રાતે જપ યાત્રા સમયે મટકી ફોડ બાળકો માટેનો વિચાર શ્રી ગુરુભગવંતે જગાડ્યો.

રાતે જ સ્થળ નક્કી થઇ ગયું. એટલે ગઇ રાતે સહુ મોડા સુધી જાગ્યા અને હળવી રમૂજોમાં ૨ ક્લાક વીત્યા. જાગતા હતા તે સહુ ભાઇ બહેનો આઇસ્ક્રીમનો પ્રસાદ પણ પામ્યા. ૨૫, ૩૦ ભાઇ બહેનો મંત્ર જપમાં જોડાયા હતા. બાકીના તો સહુ મીઠી નિંદ્રામાં પોઢી ગયા હતા.

પ્રભાત પ્રગટતાં જ ભાઇ તારક, ભાઇ દિવ્યેશ, શ્રી નાથા ભાઇ, શ્રી પ્રભુભાઇ, ભાઇ હિતેશે મળીને સાત મટુકી એક

જાડા દોરડા ઉપર લટકાવી દીધી.

સવારે ૧૧ વાગે દોરડાંની નીચે ૧૫, ૨૦ ગાદલાં પાથરી દીધાં. બટુકો એ ગાદલા ઉપરથી મટકી ફોડની રમત માણી શક્યા. સાતે બટુકો ખૂબ ખૂબ કૂદકા મારીને મટકી ફોડવાના પ્રયત્નોમાં સફળ થયા. પછી મટકી ફૂટે તેમાંથી પેન્સીલ, રબર, બિસ્કિટ, ચોકલેટ, કાજુબદામનો જાણે વરસાદ વરસે. બધા જ લૂંટે ને મોજ માણે.

મોટેરાઓને પણ ઈર્ષ્યા થાય એવું આ બાળદેવતાઓનું વૃંદાવન સાચે જ બાળકૃષ્ણનું યુગોપૂર્વોનું સ્મરણ કરાવી ગયું.

બાળદેવતાઓ પ્રસન્ન થઈને વિદાય થયા છે. યજ્ઞોપવિતની પૂર્ણાહૂતિ પણ પ્રસન્નતાથી જ થઈ છે.

યજ્ઞોપવિત પર્વની પૂર્ણ સફળતાનો આનંદ એની હાશ જાણે મન અંતરમાં વસંત ઋતુની જેમ વસી ગઈ. પાનખરે વસંત પ્રગટાવનાર હે ઋતુરાજ શ્રી હરિ પ્રણામ, પ્રણામ.

સ્વર્ગારોહણમાં બે દિવસ પહેલાં પધારેલા પેલા બાળરાજાઓની બાળલીલાને જાણે સહુ રહી રહીને મનની આંખે—અંતરના અંતરતમમાંથી માણી રહ્યા છે.

સપ્ત બાળરાજાઓએ સાચે જ પોતાનું સામ્રાજ્ય માત્ર બે દિવસ માટે વિના યુદ્ધે સ્થાપી દીધું હતું.

જાણે સાત બટુકોની આ સગાં સ્નેહી સ્વરૂપે જે પ્રજા હતી તે પણ સર્વ બાળરાજાના ફરમાનો સર્વ ઈચ્છાઓ, સર્વ આજ્ઞાઓ ઝીલવામાં તત્પર હતી. કહોકે બાળરાજાની તહેનાતમાં ચોવીસ ક્લાક સેવામાં હાજર હતી.

બાળ રાજવીઓ સુંદર, મનમોહક ઉચકીને રમાડવા જેવા. સૌનું દિલ જીતી લેતા અહીં તહીં પોતાની જ સરહદમાં મુક્ત



વિહાર કરી રહ્યા હતા.

એ દૃશ્ય સાચે જ વર્ષો સુધી ભૂલાય તેવું નથી. બાળ દેવતાઓ બાળ રાજવીઓ જાણે સૌને પોતાના જેવા નિર્દોષ બનાવી દેવાના સંકલ્પ સાથે સ્વર્ગારોહણમાં ઘૂમી રહ્યા હતા.

**બાળયોગેશ્વરજીનું સ્મરણ અને ચિંતન**

આ પવિત્ર પર્વમાં માના મન અંતરે એકબીજાનું પણ સાત્ત્વિક દૈવી સ્મરણ રમતું રહ્યું. જાણે આ સાત બટુકો બાળ યોગેશ્વરના રૂપે, વળી સાત માતા પિતા જાણે શ્રી જ્યોર્તિમયી માતાા શ્રી મણીશંકરના રૂપે લીલા કરી રહ્યાં છે.

બાળયોગેશ્વરને તો વરસો પહેલાં સરોડા જન્મભૂમિમાં યજ્ઞોપવિત સંસ્કાર અપાયા હશે, ને તે સાદાઈથી ઉજવાયેલા પર્વના સાક્ષી પણ કદાચ માતા સિવાય કોઈ જ ના હોય.

તે વાસ્તવિક પરિસ્થિતિમાં ઉજવાયેલા એક પર્વની સામે જાણે પેલા બાળ યોગેશ્વરે હવે સમર્થયોગેશ્વર રૂપ ધરીને વિવિધ સ્થળના, વિવિધ વયના, અનેક બાળ દેવતાઓને યજ્ઞોપવિત—બાદશાહી રીતે અપાવીને પોતાની સર્વ સમર્થતાનો પરિચય આપી રહ્યા છે.

સાત બટુકોને મસ્તકે મા જ્યારે ચંદનનો લેપ કરી રહ્યાં હતાં ત્યારે પણ પેલા બાળયોગેશ્વરનાં જ સ્વરૂપો છે એમ માની એમને વહાલથી મઢી લેવાનું યજ્ઞકાર્ય જ મા કરી રહ્યાં હતાં.

વરસો પહેલાં ૧૯૮૧—૧૯૮૨ની વાત છે. એકવાર ગુરુ ભગવંત સાથે મા વડોદરાથી અમદાવાદ જઈ રહ્યાં હતાં. સાથે શ્રી કુંદનબેન શ્રીજીતુભાઈ પણ હતા. માર્ગમાં મા પૂ.શ્રીને પ્રશ્ન પૂછે છે. "મહાત્માજી આપ જાણે નાના બાળક છો એવું માનીને આપના મસ્તકે હાથ ફેરવીને આપને નિદ્રાધીન કરાવવાનું કેમ

અમને મન થયા કરે છે?''

આપ તો અમારા ગુરુદેવ છો તો બાળ સ્વરૂપ છો એવો ભાવ કેમ રહ્યા કરે છે?

શ્રી ગુરુભગવંતે એ પ્રશ્નના ઉત્તરમાં જે વાક્ય કહેલું તે આજે પણ સ્મરણમાં છે.

શ્રી ગુરુભગવંતે કહ્યું :- આપના માતૃત્વનો એ વિકાસ સૂચવે છે. આપ મા છો એટલે એવો ભાવ સહુ માટે કે અમારે માટે થાય એ સ્વાભાવિક છે.

જો કે મને તો મારા મસ્તકે કોઇ હાથ ફેરવે તે ગમતું જ નથી.

શ્રી ગુરુભગવંતના એ પ્રત્યુત્તરને માએ તે દિવસે સમજપૂર્વક વધાવી લીધો હતો.

લાગે છે કે માની આ ભાવના સમય જતાં વરસો વર્ષો વીતતાં આવા યજ્ઞોપવિત ધારણ કરનારા બટુકોને સ્વર્ગારોહણમાં હાજર કરીને તેમનામાં બાળ યોગેશ્વરજીનું દર્શન કરાવી તેમના મસ્તકે વ્હાલનો હાથ પ્રસારી શ્રી ગુરુભગવંત જ એ પ્રાર્થનાનો પ્રત્યુત્તર એ ભાવનાનો પવિત્ર પ્રસાદ, ધરી રહ્યા હશે.

સાચે જ આ બાળયોગેશ્વરો જાણે સ્વર્ગારોહણને પોતાની બાળ ક્રીડાનો પવિત્ર ગ્રંથ બનાવીને શ્રેષ્ઠ અભિનય ધરીને, સ્વર્ગારોહણને ધન્ય કરીને, વિદાય પણ થઇ ગયા.

પણ એ વિદાય સ્થૂળ આંખોથી હતી, સહુના મન અંતરે જે સ્મૃતિઓ કંડારાઇ તેને યુગો યુગો સુધી કોઇ વિસ્મૃત કરી શકે તેમ નથી. એવી પવિત્ર સ્મૃતિ પણ તારક બની જાય તેવું લાગે છે.



૧૯૮૧–૮૨માં વ્યક્ત થયેલી સહજ ભાવના કે પ્રાર્થના શ્રીગુરુભગવંતે તે દિવસે સાંભળેલી અને યાદ રાખી છે.

તો પ્રાર્થનાનો પ્રત્યુતર આપવો જોઇએ એવું શ્રી ગુરુભગવંતને લાગ્યું હશે અને થયું હશે મારા જ તીર્થસ્થાનનું હું જ સ્વર્ગારોહણ નામે સર્જન કરું. એમાં આવું યજ્ઞોપવિત પર્વ ઉજવાયું ને તેમાં હું જ મારા રૂપ ધરીને આ બાળદેવતાઓમાં પ્રવેશું ને સાત–સાત સ્વરૂપ ધારીને હું જ મા પાસે હાજર થઇ જાઉં. હું જ માની પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપી તેમને શાંતિ ધરૂં.

એટલે આ બાળયોગેશ્વરો જાણે સાત દૈવી રૂપ ધરીને સાત પાતાળ કે સાત સ્વર્ગલોકમાંથી પ્રગટીને સ્વર્ગારોહણને પવિત્ર કરીને પાછા સ્વસ્થાને ગચ્છ. આદેશ પ્રમાણે પોતાના સ્થાને પાછા પ્રતિષ્ઠિત થઇ ગયા.

માને આ જ જન્મે માની પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપવાની શ્રી ગુરુભગવંતની યોજનાને લક્ષકોટિ પ્રણામ.

યજ્ઞોપવિત્ર પર્વ જાણે ૨૦૦૯નું શ્રેષ્ઠપર્વ તરીકે સ્મરણીય રહેશે એવું લાગે છે. હે બાળયોગેશ્વર, હે યોગેશ્વરને પ્રણામ પ્રણામ.

**❁ બાળ ગાયત્રી ❁**

**શ્રેષ્ઠ પ્રતાપી પ્રભુતણું, ધરું છું મનમાં ધ્યાન;**
**જે પ્રભુ દે છે મુજને, સદા સુમતિનું દાન.**

# સામુહિક યજ્ઞોપવિતનો અપૂર્વ અવસર

શ્રી જ્યોત્સના ત્રિવેદી, શ્રી યોગેશ પંડ્યા

સામુહિક યજ્ઞોપવિત પર્વ નિમિત્તે અમોને ત્રણેક લેખો શ્રી મંજુલાબેન ભાવસાર શ્રી યોગેશ પંડ્યા અને શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદીના તેમજ પ. પૂ. માની નોંધ પણ મળી છે. આ બધા લેખો લાંબા છે ને બધાને માસિકમાં મૂળ સ્વરૂપે સમાવવા શક્ય નથી; કારણ કેટલાકમાં વિગતો ઓછી ને પ્રતિભાવોનું વિશેષ વર્ણન. તેથી અર્થહીન પુનરૂક્તિ ના થાય તે રીતે દરેકમાં જે સારું છે, તેનું ચ્યવન કરી મૂકવા પ્રયાસ કરવામાં આવ્યો છે. તે બદલ લેખકો ક્ષમા કરે. પૂ. માની નોંધ ખૂબ સંક્ષિપ્ત ને જુદા જ ભાવો ને દૃષ્ટિબિંદુઓ રજૂ કરતી હોવાથી તેનો પૂરો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેને અલગ મૂકીને. શ્રી મંજુલાબેન ભાવસારનો લેખ અલગ રજૂ કર્યો છે. —તંત્રી

### પૂર્વ ભૂમિકા

સ્વર્ગારોહણ એટલે બાળકો માટે સંસ્કારોના સિંચન માટેનું કેન્દ્રધામ. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી એ બાબતમાં ખૂબ જ જાગ્રત કે બાળકો નાના હોય ત્યારથી ભલે અહીં આવતા. સ્વર્ગારોહણના પરિસરમાં ભલે રમતા, કૂદતા કે હીંચકે ઝૂલતા. અહીંનું વાતાવરણ જ એવું કે જાણેઅજાણે પણ આ બાળકોના મન પર પ્રભુના માર્ગે જવાના સંસ્કારો પડે જ. વળી અહીં આવતાં બાળકો પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની બાવનીઓ બોલતાં શીખી જાય.

બ્રાહ્મણ પરિવારોમાંથી બે ત્રણ વર્ષની વયથી જ અહીં



આવતા બાળકો મોટા થતાં, એમના માતા–પિતાની સહેજે ઈચ્છા થાય કે પૂ. મા શ્રી સર્વેશ્વરીની સંનિધિમાં જ નહિ, પણ સ્વર્ગારોહણમાં અમારા બાળકોના ઉપનયન સંસ્કાર થાય તે માટે પૂ. માને વિનંતી પણ કરવામાં આવતી. પૂ. માની સંનિધિમાં આવો એક સમૂહમાં યજ્ઞોપવિત સંસ્કાર ચારેક વર્ષ પહેલાં થયેલો—જે ખૂબ જ અનોખો અને સાચા અર્થમાં સફળ થયેલો. તેની વિશેષતાઓ ઘણી હતી.

શ્રી યોગેશ્વર પરિવારના સાધક ભાઈબેનોની માગણી અને લાગણીને લક્ષમાં લઈ, આ વર્ષે તા. ૭ અને ૮–૨–૦૯ ના રોજ આવો સમૂહમાં બટુકોને યજ્ઞોપવિત ધારણ કરાવવાનો કાર્યક્રમ પૂ. માએ પ્રયોજ્યો.

### ભાગ્યશાળી બટુકો ને માતા–પિતા

આ સામૂહિક યજ્ઞોપવિત સંસ્કાર પામનાર સાત સદ્‌ભાગી બટુકો અને એમના માતા–પિતાની વિગત નીચે પ્રમાણે છેઃ—

### યજ્ઞોપવિતના લાભાર્થી

| બટુક | માતા | પિતા | ક્યાંના |
|---|---|---|---|
| (૧) વ્રતી | નિશાબેન | યોગેશભાઈ પંડ્યા | મુંબઈ |
| (૨) દૃષ્ટા | ધરાબેન | પ્રદ્યુમનભાઈ શુક્લ | અમદાવાદ |
| (૩) ઉદ્ધવ | ઊર્મીબેન | કુણાલભાઈ ત્રિવેદી | મુંબઈ |
| (૪) વ્રજ | રૂપાબેન | જીજ્ઞેશભાઈ જાની | અમદાવાદ |
| (૫) નિર્ભય | સ્મિતાબેન | પરેશભાઈ કાકા | વડોદરા |
| (૬) નૈતિક | ફાલ્ગુનિબેન | ભરતભાઈ આચાર્ય | વડોદરા |
| (૭) નિશાંત | ચારૂબેન | પ્રદીપભાઈ પંડ્યા | વડોદરા |

આ ઉપરાંત નાના ૩ બાળકોનો મુંડનવિધિ પણ પૂ. માની ઉપસ્થિતિમાં થયો.

## મુંડનવિધિ

(૧) રથિ સ્નેહલ શાસ્ત્રી વડોદરા
(૨) અમન આશિષ જોષી વડોદરા
(૩) જતન અનુજભાઇ જોષી વડોદરા (થર્મલ પાવર સ્ટેશન)

## પ્રારંભ

સ્વર્ગારોહણને આંગણે આજે ઢોલ શરણાઇ નગારાનો મંગલધ્વનિ ગૂંજી રહ્યો છે. ધ્વજ પતાકાઓનાં તોરણ લહેરાય છે. વૈદિક મંત્રોનો મંજુલ ધ્વનિ વાતાવરણને પવિત્ર સ્નાન કરાવી રહ્યો છે. સુશોભિત મંડપો જાણે હૃદયના ઉભરાઇ જતા આનંદનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. પૂ. શ્રીની અને પૂ. શ્રી માની પવિત્ર ઉપસ્થિતિ અને દિવ્ય સંનિધિ એ વાતાવરણને માત્ર જીવંત જ નથી કર્યું પણ આનંદના હિલોળે ચડાવી દીધું છે.

આપણને આશ્ચર્ય થાય કે આ બધું શું છે? તો આજે પૂ. શ્રી માના વહાલસોયાં બાળકોનો યજ્ઞોપવિત ઉપનયન અને ચૌલ સંસ્કાર છે. આજે યજ્ઞોપવિતનો સામાજિક સાંસારિક અવસર વ્યક્તિગત મટી સમગ્ર સ્વર્ગારોહણનો બન્યો છે.

આજે તા. ૭–૨–૦૯ ના દિને યજ્ઞોપવિત ઉપનયન સંસ્કારના પૂર્વ દિને ગુરુપૂજન અને ગણેશપૂજનનો કાર્યક્રમ છે. સ્વર્ગારોહણના તીર્થ દેવતાઓ મહાત્મા શ્રી યોગેશ્વરજી, મા શ્રી સર્વેશ્વરી અને પૂ. શ્રી જ્યોતિર્મયમાતાની ઉપસ્થિતિમાં પંડિતજી કેયૂર શાસ્ત્રી અને અનેક વિદ્વાન આચાર્યોનું મંત્રગાન છે. સાધકોનો અનન્ય ભાવ છે. સેવકોની નિઃસ્વાર્થ અને પ્રેમમય સેવા છે જેણે અવસરને વ્યક્તિનો નહીં, સમસ્ત યોગેશ્વર પરિવારનો બનાવ્યો છે.



સ્વર્ગારોહણને આંગણે બાળદેવતા જેની યજ્ઞોપવિત છે અને ચૌલસંસ્કાર છે તેનાં ફોટા મૂકવામાં આવ્યા છે જે પૂ. શ્રી માના ઉત્તમ આયોજનની ખાત્રી કરાવે છે, કોઇને પૂછવું જ ના પડે. કોણ કોણ યજ્ઞોપવિત ધારણ કરવાનું છે.

**શ્રી યોગેશભાઇએ નોંધ્યું છે કે–**

જે બટુકોને જનોઇ આપવાની છે તેમના સહુના ફોટાવાળુ યજ્ઞોપવિત સંસ્કારનું બોર્ડ બધા જ બટુકો લે છે અને પૂ. મા સાથે ધૂન ગાતા ગાતા ''યોગ શૈવલ્યમ્''માં આવી પહોંચે છે. અહીં પૂ. મા બધા જ બટુકો પાસે પૂ. શ્રી પ્રભુની બાવની ગવડાવે છે. બધા જ બાળકો બાવની ગાય છે. પૂ. શ્રી ગુરુદેવપ્રભુના આશીર્વાદરૂપી બાવનીથી આ પાવન પર્વ પ્રારંભ પામે છે. બાવની પછી પૂ. મા દરેક બાળકો પાસે ધૂન ગવડાવે છે. બધા જ બાળકો પોતાની રીતે ગાય છે પણ પૂ. મા અહીં મીઠી ટકોર પણ કરે છે કે અહીં પરીક્ષા બાળકોની નથી, પણ એમનાં માતા–પિતાની છે.

કેટલી સાચી વાત પૂ. મા કરી રહ્યાં છે! અહીં પૂ. મા જયુબેન–મીરાબેન પાસે પૂ. શ્રી પ્રભુના કાવ્યસંગ્રહ 'બિંદુ'માંથી–'સેવા કરીશું અમે સેવા કરીશું....' પદ ગવડાવે છે. સર્વ બાળકો પ્રેમથી ગાય છે. સાચે પૂ. મા કેવું સંસ્કારસિંચન કરી રહ્યાં છે? બાળક જે ઘરમાં, જે વાતાવરણમાં છે તેનો તે અરીસો છે. જેવું મોટા કરશે તેવું જ બાળકો કરશે તેવું પૂ. મા દર્શાવે છે.

બ્રાહ્મણના ખોળીયે જનોઇનો પ્રસંગ અતિ મહત્ત્વનો ગણાય છે. સંસારમાં તે પાર પાડવો અતિ વિકટ, પણ પૂ. માએ અંકે

લઈ એને સહજ ને સરળ કરી વિટંબણાઓ અને ચિંતાઓમાંથી જ મુક્ત બનાવી દીધા છે.

## પૂજાનો પ્રારંભ

બરાબર ત્રણ વાગે ગુરુપૂજન અને ગ્રહશાંતિ પૂજન ચાલુ થયું છે. પૂ. માના આવાસમાંથી પૂ. ગુરુદેવપ્રભુનું સ્વરૂપ લાવવામાં આવે છે. પૂ. શ્રી પ્રભુના જ નામસ્મરણ સાથે શોભાયાત્રા પ્રારંભાય છે.

## વડીલોને સન્માન ને આશીર્વાદ પ્રદાન

વડીલોનું સન્માન આજના યુગની સળગતી સમસ્યા. તે સમસ્યા નિવારણના પૂ. શ્રી માના પ્રચ્છન્ન પ્રયત્નો છે. જીવતા દેવનું જતન એ પૂ. શ્રી માનો અને પ્રભુનો આદર્શ છે એટલે ૯૦ વર્ષના શ્રી નારાયણભાઈ જાની અને ૯૧ વર્ષના શ્રી અમૃતલાલ ત્રિવેદીનું સૌ પ્રથમ તેમના પ્રપૌત્રો ઉદ્ધવ અને દ્રષ્ટા પાસે પુષ્પગુચ્છથી અભિવાદન કરાવે છે ત્યાર પછી પ્રત્યેક બાળદેવતા પાસે કંઈક ને કંઈક અર્પણ કરાવી આદરભાવ વ્યક્ત કરાવે છે.

### વડીલોના સન્માનનો સહજ પાઠ શીખવે છે.

બંને વડીલો પણ બધા જ બાળદેવતાઓને ખૂબ વ્હાલ કરે છે. જીવનમાં ખૂબ સુખી થાય, હોંશિયાર થાય, આગળ વધે આધ્યાત્મિક પ્રગતિ પણ કરે તેવા અંતરના અંતરતમથી આશીર્વાદ આપે છે.

અવસરમાં ક્યાંય કશું જ ઓછું નહીં. સાધક બાળાઓ અને યુવાન બ્હેનોદ્વારા મટુકીથી તેમનું સામૈયું કરાય છે અને આપણા સહુની શક્તિસ્રોત એવી કુટિયાની પ્રદક્ષિણા કરી આશીષ લઈ ગણેશપૂજન અને ગુરુપૂજનના કાર્યક્રમનો આરંભ કરવાની શરૂઆત થાય છે.



મંડપની સન્મુખ શ્રી શ્રી માનું હિંડોળા આસન છે. જે વિવિધ ફૂલોથી સુશોભિત છે, ને મનમોહક છે. મનના અધિષ્ઠાતા દેવ એવાં શ્રી શ્રી માની સેવાથી સાર્થકતા અનુભવે છે. પૂ. મા પણ પ્રસંગના ઉત્સવના આનંદથી અને સહુના ભાવથી અતિ પ્રસન્ન છે તો સાધકોને દુર્લભ એવા માના દર્શનનો સુભગ યોગ સાંપડ્યો છે.

પૂજન પહેલાં પૂ. માને પ્રગટ ગુરુને એક અર્ઘ્ય ધરે છે. જાણે પ્રાચીનકાળના કોઈ ઋષિના આશ્રમ જેવું જ વાતાવરણ સ્વર્ગારોહણમાં આજે અનુભૂત થઈ રહ્યું છે.

વિધિવત્ પૂજન આરંભાય છે. સાત બટુકો આજે દ્વિજ થવા જઈ રહ્યા છે. મનુસ્મૃતિ કહે છે કે બ્રાહ્મણકુળમાં જન્મ્યા હોવા છતાં યજ્ઞોપવિત સંસ્કાર ન થાય ત્યાં સુધી તે શૂદ્ર ગણાય છે. આ સંસ્કાર પામી તેઓ સહુ દ્વિજ બનવાના છે.

## પૂ. માએ જ બધો ભાર ઉપાડી લીધો.

પરિવારજનો સહુ આનંદમાં છે. જીવનનો સાંસારિક રીતે પણ બ્રાહ્મણ પરિવારમાં અગત્યનો ગણાતો પ્રસંગ છે. તેની આર્થિક જવાબદારી પણ ઘણી મોટી હોય છે. ક્યારેક માતા–પિતા તે જોડતાં જોડતાં બટુકોની ઉંમર પણ મોટી થઈ જતી હોય છે. આ પ્રસંગની સૌથી વધુ આનંદદાયક વાત એ છે કે પ્રસંગ માણવાનો છે. જવાબદારી નવા પૈસાની નથી. ઉતારો, પૂજાપો, પાટલો, પાણી ફૂલ કે દક્ષિણા નિમત્રણો કે વાંધાવચકાની ચિંતા બધાનો જ ભાર પૂ. શ્રી માએ જ ઉપાડ્યો છે. નથી ડીશ નક્કી કરવાની ચિંતા કે ડિશનો ભાવ. વાડી કે કેટરર. ફોટોગ્રાફર કે વિડિયોગ્રાફરની ચિંતા કરવાની નથી. ફક્ત પાટલા પર બેસી પૂજા જ કરવાની છે. અરે! ભલા, બટુકનાં અને બટુકના પિતાએ પહેરવાંનાં વસ્ત્રો અને પીતાંબરો પણ પૂ. શ્રી માએ પસંદ કરી

આપી દીધાં છે. જોઇ છે ભલા ક્યાંય આવી ઉત્સવની મઝા? સહુ જાણે સાજન મહાજન બની મહાલી રહ્યા છે. સેવક સેવિકાઓ, ટ્રસ્ટીઓ દોડાદોડ કરી રહ્યાં છે. સ્નેહલભાઇ અને પંડિતજી પરિવારે પૂજાપાનું કંકુ પલાળવાની નાની જહ્નીબદારી પણ આપી નથી.

## પૂજન માટે પધરામણી ને પ્રારંભ

પ્રભુના સ્વરૂપ સાથે કુટિયાની પ્રદક્ષિણા કરતાં કરતાં બાવની ગવાય છે. ત્યારબાદ બટુકોએ પૂ. શ્રી પ્રભુને સ્ટેજ ઉપર 'ૐ યોગેશ્વરાય નમઃ'ની ધૂન સાથે પ્રસ્થાપિત કરતાં સમગ્ર સ્વર્ગારોહણ જાણે ગૂંજી ઊઠ્યું. પ્રભુની ધૂન સાથે સર્વ કોઇ એકાકાર થઇ ગયા છે. પૂ. મા પણ પધાર્યાં છે. દર્શનથી જ પરિતૃપ્ત થવાય એવાં પૂ. મા સહુ કોઇ પર કૃપા રેલાવી રહ્યાં છે. આવનાર બટુકોનાં માતાપિતાને 'ૐ યોગેશ્વરાય નમઃ'ની 'રક્ષમામ્'ની શાલ ઓઢાડી રહ્યાં છે. પૂ. માના પ્રેમાળ સ્પર્શે સર્વ વાતાવરણ પવિત્રતા ને ધન્યતામાં પરિણમે છે. આવનાર શાસ્ત્રીજીઓને પણ ચાંદલા કરી રક્ષમામ્‌ની શાલ ઓઢાડાય છે. વેદોક્ત મંત્રોચ્ચારો સાથે ગુરુદેવપ્રભુનું પૂજન ચાલુ થઇ જાય છે. પૂ. મા–પ્રભુને અનેરી રીતે પ્રાર્થી એમનું આહ્‌વાન શ્રી પંડિતજી કરાવી રહ્યા છે. સમગ્ર વાતાવરણ જાણે ગુરુકુળની સ્મૃતિ કરાવે છે. સૌ સાથે જ આરતીમાં જોડાય છે.

અખંડ પ્રભુસ્મરણ સાથે, પવિત્ર વેદોક્ત મંત્રોચ્ચાર સાથે પ. પૂ. શ્રી ગુરુદેવપ્રભુનું પૂજન પૂર્ણ થાય છે. અહીંયા કોઇ લૌકિક વ્યવહાર નથી પણ માત્ર પ્રભુની જ એક પ્રસ્થાપિત પરંપરા છે, તે જ રીતે ગ્રહશાંતિની પૂજનવિધિ પણ પંડિતજી અને બીજા બ્રાહ્મણો સાથે ભાવપૂર્વક પૂર્ણ થાય છે. સમગ્ર પૂજન સાચી સમજ



અને વિચારણા સાથે તાલબદ્ધ રીતે થયું. સાચે જ સર્વને ગુરુપૂજન કર્યાનો આનંદ છે.

આ પૂજનના જ એક ભાગરૂપ બધા જ બટુકોના સ્નેહી સ્વજનો સાથે પીઠી કરવાની વિધિ પણ કરાવવામાં આવે છે, જેમાં સર્વ કોઇ સગાંવહાલાં આનંદિત થઇ ભાગ લે છે. આમ તો પૂ. માએ પર્વનું આયોજન ત્રણ દિવસનું કર્યું. શનિવારે ગુરુદેવ પ્રભુનું પૂજન, રવિવારે યજ્ઞોપવિત સંસ્કાર અને સોમવારે બાળકોનો અતિપ્રિય મટકીફોડનો કાર્યક્રમ.

બપોરે બે વાગ્યાથી આરંભાયેલું ગુરુપૂજન સાંજે સાત વાગ્યા સુધી પૂ. મા–પ્રભુની આરતીથી પૂર્ણ થાય છે. પ્રભુનામના જયઘોષથી મંડપ ગૂંજી રહ્યો છે. આ ગુરુપૂજનમાં મારૂપી ગુરુએ સહુને મુક્ત દર્શનની લ્હાણ ધરી છે. નવા આગંતુક અતિથિઓ પણ તે માણી રહ્યા છે.

## ચૌલવિધિ

ગુરુપૂજન અને ગણેશપૂજનના સમયમાં જ વચ્ચે ચૌલ સંસ્કાર (મુંડન) વિધિ પણ કરવામાં આવે છે. રથી, અમન અને જતન ત્રણ બાળકોને મુંડન થયા પછી પૂ. શ્રી મા પોતાના વરદ હસ્તે ચંદનનો શીતળ લેપ લગાડે છે અને ચોકલેટના હારની ભેટ આ બાળકોને પણ મળે છે. આ બાળકોના ફોટા પણ ઓળખ માટે એક જુદા ફલક પર મૂકવામાં આવ્યા છે.

## બટુકોને છૂટ્ટી

ગણેશ પૂજન લાંબું તો ચાલે. સહુના મનની માવજત કરનારાં મા બાળમાનસને ખૂબ સારી રીતે જાણે છે. પૂજનવિધિમાં જ્યાં બાળકોની જરૂર ન પડે અને માતાપિતાએ જ વિધિ કરવાની હોય ત્યાં વચ્ચે બાળકોને હારમાંથી ચોકલેટ

ખાવી, પાણી પીવાની, હીંચકા ખાવાની રજા આપાય છે. અહીં શિસ્ત અને સ્વતંત્રતા બંને છે.

## પર્વને અનુરૂપ પોષાક

જનોઇના મંડપોની સાંસ્કૃતિક ગરિમા જાળવવાની છે. પેંટ, શર્ટ કે પટ્ટાના પોષાકને અહીં પ્રવેશ નથી. બધાં જ બાળકો ચૂડીદાર ઝભ્ભામાં ખૂબ સુંદર લાગે છે. સૂટેડ બૂટેડ અહીં કોઇ જ નથી પિતા કે પુત્ર. પૂ. મા–પ્રભુની આરતી સાથે આજના પૂજનની પૂર્ણાહુતિ થાય છે.

રાત્રે ૯ વાગ્યાથી ગુજરાતની વિશ્વવિખ્યાત મનમોહક મનોરંજન કળા રાસગરબાની શરૂઆત થાય છે. તેમાં પૂ. પંડિતજી લતાબહેન ટીનાબહેન મીરાંબહેન, જયુબહેન અને આપણી અંબાજીવાળી બાળભજન મંડળી રમઝટ બોલાવે છે. મા અને પ્રભુનાં પદોથી સહુને ગરબે ઘૂમવાનું તાન ચઢાવે છે. બાળાઓ યુવતીઓ અને ઉંમરલાયક બ્હેનો પણ નાચવા માટે ઉત્સુક છે તો બીજી બાજુ ભાઇઓએ પણ આમાંથી બાકાત નથી રહેવું, જાણે ગ્રાઉન્ડ નાનું પડે છે. સહુ પ્રેમથી મુક્તપણે આનંદથી ગાય છે, ઝીલે છે. પ્રભુપ્રેમમાં તરબોળ થઇ જાય છે. આનું મુખ્ય કારણ બીજું પણ છે. શ્રી શ્રી મા બાળકોની આ ગરબાલીલા પ્રેમથી ઝરુખેથી નિહાળી રહ્યાં છે. પુલકિત થઇ રહ્યાં છે.

આઇસ્ક્રીમના મધુર પ્રસાદથી કાર્યક્રમનું સમાપન થાય છે. આજનો પ્રસાદ શ્રી સ્નેહલભાઇ તરફથી રથીના મુંડન પ્રસંગે આનંદોત્સવને લીધે પીરસવામાં આવ્યો છે. (આ આઇસ્ક્રીમ બ્રહ્મરૂપ છે. પામ્યા પ્રસાદી પ્રેમની) એ પ્રાર્થના પછી સહુ તેનો મધુર સ્વાદ માણી પરિશ્રમનો થાક ઉતારી વંદન કરું પ્રાર્થના



ગાઇ છૂટા પડે છે. અત્યારે શ્રી શ્રી માનું શયન પહેલાંનું દર્શન પૂર્ણ થાય છે.

## યજ્ઞોપવિત વિધિ અને ભિક્ષા
## રવિવાર તા. ૮–૨–૦૮ યજ્ઞોપવિત સંસ્કાર

પૂ. ગુરુદેવ અને પૂ. માની બાવનીના ગાન પછી યજ્ઞોપવિત સંસ્કારની વિધિનો આરંભ થાય છે. પ્રણામ, પ્રાર્થના નિયમ પ્રમાણે યોગ શૈવલ્યમ્‌માં ચાલે છે. સમાંતર રીતે સવારે ૮–૩૦ થી મંડપમાં વિધિ પણ ચાલે છે. ૧૦ સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે, જે સંસ્કારોનો સમાવેશ યજ્ઞોપવિત સંસ્કાર પહેલાં કરવામાં આવે છે. તે સર્વનું પુરોહિતો વિધિવત્ પૂજન કરાવે છે.

પીઠી પણ ચોળવામાં આવે છે. ત્યાર પછી મુંડન અને સ્નાનવિધિ થાય છે. બધા જ બાળકો પ્રેમથી અથવા તો આનાકાની વગર એ કાર્ય કરાવે છે. સ્નાનવિધિ પછી તેમને માટે ખાસ મંગાવેલા પીતાંબરો જે ખાસ માદ્વારા મંગાવવામાં આવ્યા છે તે પહેરાવવામાં આવે છે. ભસ્મનું લેપન પણ કરવામાં આવે છે. ભસ્મલેપન કરી દંડ ધારણ કરાવવામાં આવે છે. પછી બાળકોને શ્રી શ્રી મા પોતાના વરદ હસ્તે ચંદનનો મસ્તિષ્ક પર લેપ લગાડી હંમેશાં શીતળ શાંત રહેવાની દીક્ષા આપે છે. તો જાણેઅજાણે મસ્તિષ્કને તેજસ્વીતા ભેટ ધરે છે. બાળકો પણ તે લેપનું ખૂબ સન્માન કરે છે. કોઇક બાળકના મસ્તિષ્ક પર બીજા દિવસ સુધી દેખાય છે તો કોઇક બાળક તે સાચવવા આખી રાત ઊંધા સૂઇ જાય છે. અમે માતા–પિતા, દાદા–દાદી પણ આ લેપ વજ્રલેપ બની રહે તેવું ઇચ્છીએ છીએ અને પ્રાર્થના પણ કરીએ છીએ.

પીતાંબર અને ભસ્મલેપ કરેલા બાળકો શ્રી શંકરાચાર્યની મીની આવત્તિ જેવાં લાગતાં હતાં. ત્યાર પછી એકાદ કલાક યજ્ઞોપવિત સંસ્કારની વિધિ ચાલી. શ્રી શ્રી મા સસ્મિત મુખારવિંદે અને પુલકિત વદને સર્વ નિહાળી રહ્યાં છે. પ્રસંગને વધુને વધુ ગૌરવવંતો બનાવી રહ્યાં છે. ઉપસ્થિત જનો પણ સહુ યથાયોગ્ય સહકાર ધરી રહ્યાં છે. ઉર્ધ્વબાહુ કરી સવિતાદેવની સાક્ષી લઇ કર્ણમાં ગુપ્ત રીતે ગાયત્રી મંત્રની દીક્ષા પોતાના પિતાદ્વારા અપાઇ. મંત્રોચ્ચાર વાદ્યો મંજુલ સ્વર અને યોગેશ્વર પરિવાર. સ્વ પરિવારના જયકૃપાળુ મા 'ૐ યોગેશ્વરાય નમઃ'ના જયઘોષ સાથે આ પવિત્ર સંસ્કારનું સંસ્કરણ થયું. યજ્ઞોપવિત ધારણ કરાવવામાં આવ્યું.

સમગ્ર વાતાવરણે આ પવિત્ર ઉત્સવની નોંધ લીધી. શ્રી શ્રી મા ખૂબ પ્રસન્ન થઇ ઉઠ્યાં.

અહીંયા કોઇ કર્મકાંડી વિચારોને સ્થાન નથી. કોઇ જૂનવાણી વિચારો કે રૂઢિવાદી વ્યવહારિકતાઓનો સંપૂર્ણ છેદ છે. સંપૂર્ણ પવિત્રતા અને સાચી આધ્યાત્મિકતાની રીતે જ જનોઇ આપવી તે જ પૂ. માનો હેતુ છે. જનોઇ પહેરેલા બાળકો પૂ. મા—પ્રભુને જ સમર્પિત થાય, પૂ. મા—પ્રભુનાં જ કાર્યો કરે એવા શુભ ભાવો—સંકલ્પો સાથે જ આ યજ્ઞોપવિત સંસ્કારની વિધિ ચાલી રહી છે. અંતે તો કોઇ પણ વિધિ—વિધાનનો મર્મ પૂ. મા—પ્રભુના ચરણે શાંતિ પામવાનો જ છે.

શ્રી પંડિતજી દ્વારા આ સંદેશો અપાઇ રહ્યો છે. શ્રેય અને પ્રેયની સાચી સમજણ જીવને અહીં પ્રાપ્ત થઇ રહી છે. પૂ. માની ઉપસ્થિતિ એ જ નવા જ પ્રકારની ચેતના પ્રગટાવે છે. કોઇ પણ બાળક કંટાળતું નથી. બધા જ બાળકો પ્રેમપૂર્વક ઉત્સાહપૂર્વક જે



કંઇ પણ મંત્રોચ્ચારો બોલાવવામાં આવે છે તે પ્રેમથી બોલે છે. પ્રાર્થનાઓ પણ ઝીલે છે.

પૂ. માની સતત અમીદૃષ્ટિ અમીકૃપા બાળકો પર પડતી જ રહે છે. જાણે આ કાર્ય જ પૂ. માને સંતોષ ધરે છે. પૂ. મા તો સર્વ કર્મોથી પર છે પણ પૂ. મા સહજ રીતે આ કર્મ કરાવી રહ્યાં છે.

## ભિક્ષાવિધિ

યજ્ઞોપવિત ધારણ કર્યા પછી સહુ બટુકો પૂ. શ્રી મા પાસે ભિક્ષા ગ્રહણ કરવા આવ્યા. સહુ બટુકોને ભિક્ષા પાત્રમાં મગજના લાડુરૂપી ભિક્ષા પીરસવામાં આવી છે. જાણે શ્રી માએ અન્નપૂર્ણા સ્વરૂપનું દર્શન કરાવ્યું. લૌકિક વ્યવહાર પ્રમાણે સહુ સગાંસંબંધીઓએ ભિક્ષા આપી.

પૂ. શ્રી મા જાહેર કરાવે છે કે આ ભિક્ષાના પૈસા બાળકોએ રાખી લેવાના છે. મોટા થઇ આના પાંચગણા કરી સ્વર્ગારોહણમાં સત્કર્મ કરવા આપવાના છે.

ભિક્ષાના કાર્યક્રમ પછી સર્વ બાળકોને અગાઉથી માપ લેવડાવી તૈયાર કરેલા સફારીસૂટ અને ટોપી આપવામાં આવે છે.

## બળવો ને રક્ષાકવચ

યજ્ઞોપવિત ધારણ કરેલ બટુકો દોટ મૂકીને કુટિયાથી સ્વર્ગારોહણના દરવાજા સુધી દોડે છે ત્યાંથી નાના બટુકો મામા સાથે ખભા પર બેસીને પાછા પૂ. મા પાસે આવે છે. આ રીતે બાળકોના આનંદનો પ્રસંગ પણ પૂરો થાય છે. પૂ. માની આજ્ઞા મુજબ તરત જ પૂ. માએ પ્રસાદમાં ધરેલાં કપડાં (સફારીસૂટ) બટુકોને પહેરાવવામાં આવે છે. બધા જ બાળકો એકસમાન

દેખાય છે. બટુકો જાણે એક જ પરિવારના ના હોય! પૂ. માની આ પ્રસાદીથી અતિપ્રસન્ન છે. પૂ. માની આ સમદષ્ટિ ઉડીને આંખે વળગે તેવી છે. પૂ. માને કોઇ ભેદ છે જ નહિ. પૂ. મા સર્વભેદથી પર છે. પૂ. માની સમદષ્ટિને વંદન.

પૂ. મા બધા જ બાળકોને સ્ટેજ પર એક હરોળમાં બેસાડે છે. પૂ. મા–પ્રભુની નિશ્રામાં અંતરથી ઝૂમીને પ્રત્યેક બાળફુલડા પૂ. માના ચરણે બેઠાં છે. તે બાળકોની મધુરતા પણ માણવા જેવી હતી. તે બાળકોનું સ્મિત પૂ. માના જેવું નિર્મળ ને સહજ હતું.

## રક્ષાકવચ

પૂ. માના પળેપળના દર્શન અલગ–અલગ ભાવો, અલગ અલગ લીલાઓમાંથી પસાર થતા હોય છે. એવી જ આ અકળ લીલાનાં દર્શન આ પળે થઇ રહ્યાં છે. ત્રિભુવનનો નાથ જાણે પ્રત્યક્ષ ઉપસ્થિત થઇ બાળકોની ઝોળી ભરી રહ્યો છે. જોનારા પણ સાશ્ચર્ય સ્તબ્ધ છે. કેટલું બધુ અને કેવી રીતે પ્રેમ પ્રસાદી આ બાળકો પૂ. મા પાસેથી પામ્યા છે તેનું કોઇ મોલ નથી, તે તો અણમોલ છે–અનન્ય છે. પૂ. મા સ્વયં બધા જ બાળકો પાસે જાય છે. 'મા' લખેલી ચાંદીની રાખડી સ્વયં બધા બટુકોના હાથે બાંધી રહ્યાં છે. પૂ. માની આ રક્ષાની રાખડી છે જે બાળકોને સર્વ સ્થળે, સર્વકાળે, સર્વરીતે રક્ષા કરશે જ. રાખડીના તાંતણે બાળકો ભવસાગરની નદીને પાર કરી ગયા. બાકી તો છાબડી નાની ને તારલા વધારે એવી આ પ્રેમપ્રસાદી છે.

## સૂટકેસમાં બાળકો શું પામ્યા તે આપણે જોઇએ.

***પૂ. મા–પ્રભુનું મંદિર, મોટી ટ્રાવેલિંગ બેગ, ચાંદીની રાખડી, ૧૯૪૨ના રાણીછાપના ચાંદીના સિક્કા, શ્રી લક્ષ્મીજીની ૧૦૦૦ રૂ.ની નોટ, જનોઇ, માળા તથા સુંદર ભરત કરેલી ગૌમુખી, શરીર લુછવાનો રૂમાલ, મોટી બેડશીટ, રક્ષમામૃની શાલ, નેઇલ કટર, સ્ટીકરર્સ–૪, ઘડિયાળ, પ્રભુનું પુસ્તક, સાબુ–૨, પેન્સિલ, રબ્બર, પેન, કાંસકા–૨, બોલ–૨, ઉલીયું, રંગનું બોક્સ, પ્લાસ્ટીકનું પાઉચ, વોટરબેગ, સ્કૂલબેગ(નાની), ડ્રાયફ્રૂટની બેગ, ચોકલેટની બેગ, બિસ્કીટ, ચોકલેટોથી ભરેલો હાર, શીંગદાણાની ચીકી, ચોકલેટ–ડ્રાયફ્રૂટ મિક્સની બેગ.***



અધધધ....પૂ. મા તો આ પ્રસાદી ધરતાં જ જાય ને બાળકોના મુખ પર તો જે હર્ષોલ્લાસ દેખાય તેની તો શું વાત કરવી? ત્રિભુવનના સ્વામી પ્રસાદની વણથંભી વણઝાર ધરતા જાય ને બાળદેવતાઓ ત્રિભુવનનું રાજય પામ્યાનો આનંદ લેતા જ જાય. હે મા! પ્રણામ તમારી અસીમિત ઉદારતાને!

## સામાજીક વ્યહવાર

બાળકો પરની અનરાધાર વર્ષા પછી કાશી યાત્રા પ્રસ્થાન વચ્ચે સામાજીક પ્રસંગે શીખ (વિદાયશ્રી) આપવામાં આવે છે. જે મા સગાસંબંધીઓના ઉતારાની વ્યવસ્થા કરે કે અગ્રવાલ ભુવનમાં બટુક દીઠ ઉતારાના ચાર ચાર રૂમ આપે, એ બીજું શું ન કરે! સહુ સગાસંબંધીના નામ જાણી લઇ બટુકોના માતા, પિતા, મામા માસી, કાકા કાકી, ફોઇ ફૂઆ, બ્હેન, બનેવીએ કરવાના બધા જ વ્યવહાર પૂ. શ્રી મા કરે છે. જાણે દરેક સાધકના અને બટુકના બધા જ સંબંધો શ્રી શ્રી મા નિભાવે છે, પુરુષ સંબંધીને પીતાંબર અને કવર, માળા આપવામાં આવે છે. બહેનોને શાલ, કવર, માળા આપવામાં આવે છે. બટુકોની માતાને ચુંદડી, પિતાને પણ વસ્ત્રો આપવામાં આવે છે. જાણે મા બટુકોના મામા તરફથી મોસાળું કરે છે. આજે સ્વર્ગારોહણના

આંગણે આવેલા સહુ કોઈના હાથ ભરેલા છે. નાના સર્વ બાળકોને ઘડિયાળ પેન્સીલ, ચોકલેટ, મોટા સહુને મુક્તપણે ચીકીનાં મોટા મોટા પેકેટ જાણે કુબેર ભંડારીનો ભંડાર ખુલ્યો! શ્રી શ્રી માનું આ સ્વરૂપ દાનેશ્વરી કર્ણને પણ શરમાવે તેવું છે. કેટલું આપી શકાય તેનું ઉદાહરણ બેસાડે છે. મંદિરમાં જાઓ અને મંદિરના દેવ દર્શનાર્થીને દક્ષિણા આપે એવું કદી સાંભળ્યું છે! અરે, અહીં એ સત્ય ઠર્યું છે. પૂ. માના દેવ દરબારે આજે આવી ઘટના ઘટી છે.

## શોભાયાત્રા ને ભોજન સમારંભ

સર્વ બટુકો પૂ.માની પ્રસાદીમાં પામેલા પ્રસાદને બેગમાં લઈ કુટિયા પાસે જાય છે. ‘‘બેગ મારી સરરર જાય..’’ ૐ મા ૐ મા બોલતી જાય..એમ ગાતા ગાતા કુટિયા પાસે જાય છે. સમગ્ર વાતાવરણ ‘ૐ મા’ ના ધ્વનિથી ગૂંજી ઉઠ્યું છે. પૂ. માની આ અદ્‌ભુત લીલા નિહાળીને ૐ મા સિવાય બીજા શબ્દો જ નથી સંભળાતા.

## શોભાયાત્રા

પૂ. માએ અહીં બાળકો માટે એક ટ્રેક્ટર રૂપી રથ સજાવ્યો છે જેમા બાળકો આરૂઢ થઈ જાય છે.આ બાળ રથ એવો સુંદર સજાવ્યો છે કે જોતાજ ખુશ થઈ જવાય. અંદર બાળકો માટે ગાદીઓ પથરાવી છે, જેથી કોઈને વાગી ન જાય. આખો રથ ફૂલો, તોરણો, ચક્રો તથા કેળના પાનથી સજાવ્યો છે—શણગાર્યો છે. બાળકો અતિ આનંદિત છે. ત્યાં પણ પૂ. મા બાળકોને પૂછે છે કે—‘‘અમે પણ ઉપર આવીએ?’’ બધા જ બાળકો હા પાડે છે. તો પૂ. મા કહે—‘‘અમે મુંડન નથી કરાવ્યું.’’ એમ કહી બાળકોને હસાવી છટકી જાય છે. સર્વ ભાઈઓ બહેનોને બાળકોની આ



શોભાયાત્રા મંત્રગાન સાથે બહાર મોકલાવે છે. બાવની, ધૂન, ભજન—પદો સાથે ગરબાની રમઝટ બોલાવતા સહુ કોઈ ‘‘જય કૃપાળુ મા’’ ના નાદથી પાછા સ્વર્ગારોહણમાં આવી જાય છે. બધા બાળકો પાછા કુટિયામાં દર્શન કરે છે. વળી પૂ.માની ફરતે ત્યાં કુટિયા પાસે જ બાવનીરૂપી ગરબા ચાલુ થાય છે. જાણે સહુ કોઈ ગરબામાં ગુલતાન રમતાં રમતાં મુક્તિરસ માણે છે. સ્નેહ અને સુધામય પૂ.મા સૌને નિરખીને વચ્ચે જ ઊભાં છે. બટુકો પૂ. માને વળગીને ચરણે જ ઉભા રહ્યા છે. આ મહારસ આત્મસુખનો ગરબો પરાકાષ્ઠાએ પહોંચે છે. નવ મંત્રગાન સાથે યજ્ઞોપવિત સંસ્કારની પૂર્ણાહૂતિ થાય છે.

## ભોજન વ્યવસ્થા

ઉપનયન સંસ્કારના બંન્ને દિવસનો ખર્ચ ન્યુ જર્સી વાળા શારદા બ્હેને આપ્યો હતો. ભોજન ટુકડીના શ્રી લાલાભાઈની રાહબારી નીચે નામી અનામી સાધક ભાઈ બહેનોએ સુંદર સેવા સંભાળી હતી. બે દિવસના લાડુ, ને જલેબીના મિષ્ઠાન—ઉપરાંત સવારના નાસ્તાઓની વ્યવસ્થા પણ સરસ રહી.

આ યજ્ઞોપવિત સંસ્કાર પર્વનું આયોજન અને સુચારૂરૂપે અમલ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ પૂ.મા પ્રભુના સેવાભાવી સાધકભાઈ બેનાના સહકારથી—પૂ.માની દોરવણી અને સૂચના પ્રમાણે સંપન્ન થયો તેથી જ તે અદ્‌ભુત બની રહ્યો.

## મટકીફોડ કાર્યક્રમ ને પૂર્ણાહૂતિ

આજે સોમવાર સવારની પ્રણામ પૂજા પછી તરત જ બાળકોના પ્રિય મટકીફોડના કાર્યક્રમમાં જવાનું બને છે. બહાર કુટિયાની સામે પૂ.માએ સાત મટકીઓ બંધાવી છે. નીચે બાળકોને વાગી ના જાય તે માટે ગાદલાં પથરાવ્યા છે. સાત

મટકી સાત બટુકો પૂ.મા અને સાધકવૃંદ સાથે જાણે સ્વર્ગારોહણ ગોકુલમાં ફેરવાઇ ગયું છે. ઉપનયનનું સંસ્કારવન વૃંદાવનની કૃષ્ણલીલામાં પલટાયું છે. દરેક મટકી વિવિધ પદાર્થોરૂપી પ્રસાદથી છલકાઇ રહી છે. પ્રત્યેક બે મટકીની વચ્ચે વેફર્સનાં મોટાં મોટાં પડીકાઓ લટકાવવામાં આવ્યા છે. અતિ પ્રસન્ન પૂ.મા સર્વ બાળકોની સાથે છે. બાળકો તો અતિ ઉત્સાહિત છે. સર્વ બાળગોપાળો તથા પૂ.માની આ બાળ કૃષ્ણલીલાને જોનારા સર્વ સાધક—ભાઇ—બહેનો પણ ઉત્સાહ—ઉમંગથી એમાં સહભાગી થયા છે. સહુથી નાના બાળકોથી શરૂઆત કરાવનારા પૂ.મા ત્યાં જ ઊભા રહી સહુ કોઇને સહજ લીલાનાં દર્શન કરાવી રહ્યાં છે. મટકીનું દોરડું ઉપર—નીચે કરીને બધા જ બાળકોને પેકેટ્સ આખે આખા જ લઇ લેવાની તક મળે છે. જે બાળક તે લઇ લેવામાં સફળ થાય તેને પૂ. મા તેના ગળામાં હારની જેમ પહેરાવી પ્રસન્ન થઇને પાછા બેસાડે છે. બધા જ બાળકો પાસે એક એક મટકી ફોડાવે છે. દરેક બાળકોના પ્રયત્નો ચાલુ થાય છે. મટકી ફોડવાની પાછળ પણ પૂ.માનું એક અલગ શિક્ષણ છે. બાળકોને નાના હોય ત્યારથી બાળપણથી જ ઊંચે જવાની લક્ષ્યાંક ઊંચા રાખવાની શિક્ષા ધરી છે. તે મેળવા અથાગ પ્રયત્નો કરવાની જરૂર પડવાની છે. જીવનમાં કુદકારૂપી પ્રયત્નો ચાલુ જ રાખી લક્ષ તરફ આગળ વધવું જોઇએ. કંઇક મેળવવા માટે પ્રસંન્નતાથી જ પ્રયત્નો કરવામાં આવે તો લક્ષ પાર પાડી શકાય છે. કઠિનમાં કઠિન વસ્તુને પણ જો પૂ. મા સાથે હશે તો તેને મેળવી શકાશે. તેની સૌને પ્રતીતિ કરાવે છે. ઊંચી—નીચી થતી મટકીને ફોડવાની તકને પરિણામમાં કેવી રીતે ફેરવવી તેની સમજ—શિક્ષા ધરે છે. આજ રીતે આધ્યાત્મિક જગતમાં પણ મટકી તરફ જે ધ્યાન છે તે જ રીતે માત્ર ઈશ્વરને



જ મેળવવાનું ધ્યાન રાખીને પ્રયત્નો કરીશું તો ઈશ્વરરૂપી અમૃતકુંભ પણ ચોક્કસ મળશે જ એવો પૂ.માનો જાણે કે છૂપો સંદેશ છે. જીવનમાં પ્રયત્નો અને પૂ.મા—પ્રભુની કૃપા હશે તો તક પરિણામમાં પલટાઇ જશે. બાળકો ભલે નાના છે પણ પૂ.મા સાથે છે તો મટકી ફોડી જ શકાશે પણ એ જ રીતે પૂ.મા—પ્રભુની સંગાથે રહીશું તો આકાશ કુસુમવત વસ્તુની પ્રાપ્તિ પણ થઇ જ શકશે. આવા વિવિધ સંદેશા મેળવતા મેળવતા મટકીફોડનો કાર્યક્રમ તો ચાલી જ રહ્યો છે. બટુકો એક પછી એક મટકી ફોડે છે અને તેમાંથી નીકળતી વિવિધ વસ્તુઓની મજા માણે છે. બાળકૃષ્ણ મટકી ફોડી પોતાના સખાઓ સાથે જેમ માખણની મસ્તી માણતા તેમ આ પૂ.માના બાળગોપાળો પણ મટકી ફૂટતાં જ તેમાંથી નીકળતા પ્રસાદની મોજ લૂંટતા હતા. વિવિધ મટકીમાંથી ચોકલેટસ, કાજુ, બદામ, અખરોટ, રબ્બર, પેન્સિલ રૂપી વિવિધ પ્રસાદ પામવાનો અને લૂંટવાનો જે નિર્દોષ આનંદ બધા જ બાળકોએ કૂંદીને માણ્યો અને જોનારાઓએ નિરખીને લખલૂટ માણ્યો. અહીં તો મહીં પડ્યા તે મહાસુખ માણે અને દેખનારા દાઝે એવી વાત છે. મધ્યાહનના તાપમાં પૂ.મા સતત બેથી અઢી ક્લાક આ બાળકો માટે સતત ઊભા જ રહ્યાં. પૂ.મા સિવાય આવો સમય અને આનંદ બાળકોને કોણ આપી શકે? મા બાપો કે પરિવારના જનો પાસે એવો સમય ક્યાં છે. તો પૂ.માએ પોતાનો અતિ કિંમતી સમય માત્ર બાળકોના નિર્દોષ આનંદ માટે ધરી દીધો.

આ રીતે પૂ.માના સાંનિધ્યમાં સતત ત્રણ દિવસ બાળકોનું પ્રેમનું સામ્રાજ્ય સ્થપાયું. પ્રત્યેક બાળક અઢળક પ્રસાદ પામી ખૂબ આનંદિત થયું . જાતે ઉચકી પણ ના શકાય તેટલો બધો

પ્રસાદ પામી બધા જ બાળકો પૂ.માના અણમોલ પ્રેમના પ્રસાદને પામી શક્યા તેને વર્ણવવા તો શબ્દોના માધ્યમની પણ કોઈ જ તાકાત નથી.

મટકીફોડનો કાર્યક્રમ જે આટલો સમય ચાલ્યો તે સાચા અર્થમાં સાચી અધ્યાત્મિકતા હતી. શા માટે? તો અધ્યાત્મનો સાચો અર્થ સંસાર ભૂલીએ તે જ છે. અહીં મા સાથેના આ નિર્દોષ આનંદમાં, પૂ.માના લીલા દર્શનમાં વિવિધ અભિનયમાં—વિવિધ હાસ્યમાં સમગ્ર સંસાર થોડા સમય માટે ભૂલાઈ ગયો. માત્ર ને માત્ર પવિત્રતમ પૂ.માની લીલાના જ દર્શનમાં સહુકોઈના મન લીન થઈ ગયા. આંખો લીન હતી, સર્વ ઈન્દ્રિયો લીન હતી. સંસારનું સંપૂર્ણ વિસ્મરણ હતું. ફક્ત પૂ.માનું પ્રસન્ન દર્શન અને સ્મરણ રૂપે ''ૐ મા—જય મા''નું જ રટણ. એટલે દર્શન, સ્મરણ અને ધ્યાન—એક સાથે હતું. આજ સાચી આધ્યાત્મિકતા પૂ.મા પીરસી રહ્યા છે.

આ જ રીતે અખૂટ દર્શનના મહાપ્રસાદ સાથે આ ઉપનયન સંસ્કાર પૂર્ણ થાય છે.

પૂ.શ્રી માને પ્રાર્થના જ કરતા રહ્યાં આ જીવન સંગ્રામ પણ આવી જ સહજ રીતે જ જિતાડી દેજો અને અમને તો વિશ્વાસ છે કે જિતાઈ જશે. આપ અને શ્રી યોગેશ્વર પ્રભુ જેવા સમર્થોને શરણે છીએ. હે મા, આપનું જ સ્મરણ, આપનું જ ચિંતન રહે એવા આશીર્વાદ આપજો એ જ પ્રાર્થના.

બસ અને એક જ ઉક્તિ બોલાઈ જાય.

કેમ કરી અમે ચૂકવશું તમારી મમતાનાં મૂલ.



# યજ્ઞોપવિત પર્વ—મારી નજરે

મંજુલાબેન ભાવસાર

ભારતીય સંસ્કૃતિને જાળવનાર, વૈદિક પરંપરાનું જતન કરનાર પૂ.માને પ્રણામ.

સ્વર્ગારોહણના આંગણે પૂ.માની સાનિધિમાં તા.૭/૨/૦૯ અને ૮/૨/૦૯ના દિને ભારતીય સંસ્કૃતિ અને વૈદિક પરંપરાનો મહોત્સવ ઉજવાયો.

ભારતીય સંસ્કૃતિ અને વૈદિક પરંપરા જાળવનાર અને યશગાનાર ભૂદેવ પર પૂ.માને અપાર પ્રેમ છે. તેના કારણે જ સ્વર્ગારોહણના આંગણે ૭ બટુકોના યજ્ઞોપવિત સંસ્કારનું પર્વ ઉજવાઈ રહ્યું છે.

આ સંસ્કાર પર્વની ઉજવણી દરમ્યાન પૂ.માના વિધ વિધ પાસાઓનું સુંદર દર્શન કરવાનો લહાવો ભક્તને મળ્યો.

પૂ.મા આ પર્વમાં અધિષ્ઠાતા. પણ અહીં અધિષ્ઠાતા દેવ—મંદિરના દેવની જેમ મૂક સાક્ષી બનીને નથી ઊભાં.

પર્વઅધિષ્ઠાયી દેવી પર્વમાં સોળે કળાએ ખીલ્યાં છે. જેવી જેની સૂઝ, જેવી જેની દૃષ્ટિ, જેવી જેની ભક્તિ તે રીતે દરેકને દર્શન થાય. યજ્ઞોપવિત પર્વ સંપૂર્ણ સફળ થયું છે, તેવું સૌ સ્વીકારે છે; કારણ પર્વમાં ભાગ લેનાર, આવનાર, દર્શન કરનાર ભક્તો અને અન્ય સૌને એક સરખો આનંદ, પ્રાપ્ત થયો સૌને સંતોષ થયો. સૌ પ્રસંન્ન હતા. પર્વનો આનંદ ઘણા બધાને ઘણા સમય સુધી વાગળવાનો ગમે તેવો રહ્યો.

તો પર્વને સફળ બનાવનાર પૂ.માના વિશાળ વ્યક્તિત્વનું દર્શન કરવાની સૌને તક મળી. પૂ.માને ભૂદેવ—ભારતીય

સંસ્કૃતિ—વૈદિક સંસ્કારો માટે હૃદયપૂર્વક પ્રેમ, જેથી આ કાર્ય સારી રીતે સંપન્ન થયું.

પર્વની સફળતાના પાયામાં પૂ.મા નું અદ્‌ભુત આયોજન છે. એકજ બટુકના યજ્ઞોપવિત પર્વના પ્રસંગે પરિવારના તમામ સભ્યો ઘણા દિવસ કાર્યરત હોય છે, છતાં સંપૂર્ણ સફળતા ભાગ્યેજ મળે.

પૂ.મા દરેક કાર્યની નોંધ ખૂબ ચીવટપૂર્વક કરતાં. નોંધ પ્રમાણે કાર્ય થયું કે નહિ તેની સતત કાળજી રાખતાં. કોનામાં કઇ શક્તિ છે, કઇ કળા છે, શું આવડત છે તેનાથી પૂ.મા સંપૂર્ણ પરિચિત હોય છે. યોગ્ય વ્યક્તિને યોગ્ય કાર્યની સોંપણી એ પૂ.માની આગવી સૂઝ છે.

વ્યક્તિ અને તેની શક્તિને ઓળખવાની અને તેની પાસે કામ લેવાની પૂ.માની સૂઝ અદ્‌ભુત છે. તેની પાછળ પૂ.માનો પ્રેમ છે. તેથી દરેક ભક્ત પોતાનાથી બને તેટલું શ્રેષ્ઠ કાર્ય કરવા તત્પર રહે છે. પૂ.માના પ્રેમના કારણે જ સઘળાં કાર્ય સંપ અને સહકારથી થાય છે. પૂ. મા પણ તે કાર્યોમાં એટલા જ ગૂંથાયેલા હોય છે. પૂ.માની અદ્‌ભુત સ્મરણ શક્તિના અનેક પ્રસંગે દર્શન થાય. કોઇ ભૂલી જાય કે ભૂલ થાય તો તરત જ દૂર કરી શકાય, જેથી પ્રસંગ સમયે મુશ્કેલી ઊભી ન થાય. પૂ.માની ઉદારતાનું દર્શન પણ આશ્ચર્ય પમાડે તેવું છે. કોઇ કલ્પના ન કરી શકે કે એક સંત આ પર્વના પ્રસંગે એક દાનવીર કર્ણના જેટલું દાન કરી શકે. અને જે દાન હતું ને સર્વોત્તમ હતું. આપણે તેને દાન કહીએ. પૂ.માનો તો સહજ સહજ સ્વભાવ છે. વરસવું, ઠલવાવું, લેનાર ધરાઇ જાય એટલું વરસવું એ પૂ.માનો સ્વભાવ છે.



બટુકોના માતા—પિતા અને સ્વજનોને પૂ.માએ છૂટે હાથે આપ્યું. તો તો પર્વમાં યજ્ઞોપવિત સંસ્કાર કરવા આવેલા ભૂદેવોને પણ સુંદર રીતે નવાજ્યા. ભૂદેવોને તો આપ્યું જ, પણ નહીં પધારેલા તેમના પરિવારના સભ્યોને પણ પૂ. માએ યાદ કરીને આપ્યું.

બાળદેવતાઓ ઉપર તો પૂ.મા અઢળક વરસયાં. સ્વહસ્તે જ પૂ.માએ બાળદેવતાઓની સુટકેશ ભરી દીધી.

ભોજનમાં પણ મિષ્ઠાન્ન સહિત વિવિધ વાનગી હતી.

તો ઢોલ—શહનાઇ પણ વાગી હતી. શોભાયાત્રા પણ હતી જ.

બટુકોને ભિક્ષામાં પણ મિષ્ઠાન અને કાંસાના પાત્રો હતા. બટુકોને પીતાંબરી—ખેસ—સફારી જેવા સુંદરને કિંમતી વસ્ત્રોની ભેટ ધરી. જોનાર અને લેનાર બંન્નેને અધધ થઇ જાય એવું દૃશ્ય હતું.

બાળદેવતાનું સામ્રાજ્ય હતું. પૂ.માના હૃદયે બાળ દેવતા અને બાળદેવતાના હૃદયે પૂ.મા હતાં. તેનું સ્પષ્ટ દર્શન થતું હતું. ત્રણ કલાકની લાંબી પૂજાવિધિમાં બાળકો થાકતાં, પરંતુ પૂ.માનું એક મનમોહક સ્મિત જોઇ આનંદમાં આવી જતાં. પૂ.મા બાળદેવતાની સામે જ સતત બેઠાં હતાં અને સ્મિત દ્વારા તેમના થાકને હરતાં હતાં.

વાળ તો બાળકોને પણ પ્રિય હોય. મુંડન કરાવવાનું ગમે નહિ. છતાં બધા જ બાળકોએ શાંતિથી મુંડન કરાવ્યું, કારણ પૂ.માની હાજરી હતી.

પૂ.માએ બાળદેવતાને એક પણ સૂચના આપી નથી. પરંતુ

પૂ.માનું દર્શન કરતાં કરતાં બટુકો પૂ.માને સમર્પિત થઇ જતા. કોઈપણ જાતના વિરોધ વિના દરેક કાર્યમાં પૂર્ણ સહકાર ધરતા. બાળ માનસના નિષ્ણાંતોને સમજાશે કે આ કેટલી મોટી વાત છે?

યજ્ઞોપવિત ધારણ કરનાર નિર્ભયને બળવામાં દોડવાની ઈચ્છા ન હતી. તો પૂ.માએ તેને પોતાની પાસે બેઠાડી નિર્ભય કરી દીધો. અહીં પ્રણાલિનું મહત્વ ન હતું. બાળદેવતાની પ્રસન્નતાનું મહત્વ હતું.

પૂ.માએ પોતાના વરદહસ્તે ખૂબ પ્રેમથી બટુકોના મસ્તકે સુખડનો લેપ કર્યો. આ ક્રિયા દરમ્યાન પૂ. માની વત્સલતાનાં સતત દર્શન થતાં હતાં.

ગરબાની એ રસલહાણ પીરસી સૌને પ્રસન્ન કર્યા. પૂ.માએ સ્વયં પણ તે રસલ્હાણ નિહાળી. પ્રેમ અને આનંદનો સાગર– અને સાત્વિક સૂરની સૂરાવલી વિશેષ આનંદ આપતી હતી. બટુકોના સ્વજનોએ પોતાના આનંદ અને પ્રેમને પૂર્ણપણે વ્યક્ત કર્યો.

તો રથીના મૂંડન પ્રસંગે બધાને આઈસ્ક્રિમના પ્રસાદથી નવાજ્યા. સ્વર્ગારોહણના આંગણે સવારથી સાંજ સુધી આનંદનો મહાસાગર ઘૂઘવતો રહ્યો.

આનંદ–આનંદ–આનંદ

પ્રેમ–પ્રેમ બસ પ્રેમ.

પૂ.માના હેતાળ હૃદયે સૌને વધાવ્યા. પૂ.માની વત્સલતાએ સૌને નવરાવ્યા.

પૂ. માના દર્શને સૌને નવા પ્રાણ આપ્યા–નવી દૃષ્ટિ આપી–નવું જીવન આપ્યું.



આનંદના પ્રદાન સાથે પૂ.માએ ભારતીય સંસ્કૃતિ અને વૈદિક પરંપરાનું યશગાન કર્યું અને કરાવ્યું.

હેમા, તમારા શત્ શત્ કામ
અમારા શત્ કોટિ પ્રણામ.

**આપના ચરણે**


મંગલમયયાત્રા અમંગલમય જણાય ત્યારે સૃષ્ટિને નહિ, દૃષ્ટિને બદલવાની જરૂર છે, જે સૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે ભૌતિકવાદી અને જે દૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે અધ્યાત્મી. **– ભાણદેવજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ** તેમ જ **દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# પૂ. માની નિત્ય નોંધ

મા સર્વેશ્વરી

### તા. ૨૫–૧૧–૦૭, મુંબઈ

આજથી નિત્ય પ્રણામ પૂજા પાછી પ્રારંભ પામી. વધારાના પ્રણામ આજે પૂર્ણ થઈ ગયા. છ દિવસના પ્રણામ અગાઉથી થઈ ગયા હતા.

હે હરિ, આ પ્રણામ પૂજાથી પ્રસન્ન થાવ, પ્રગટ થાવ. સંતાઈને જ કેમ પ્રણામ પૂજા સ્વીકારો છો? પકડી લેશે એનો ડર લાગે છે કે? કે પછી પ્રગટ થવા શરમ લાગે છે? કે ભક્તો વઢશે એનો ગભરાટ થાય છે?

આજની આ પ્રણામ પૂજા અનેક પ્રશ્નોના પ્રત્યુતર અચાનક લઈ આવી. હા, સાચે જ આજે દશ બાર પ્રણામ પછી જેવાં મા પ્રણામ માટે નીચા નમ્યાં ત્યાં જ પ્રકાશનું એક કિરણ ઉઘાડી આંખે અચાનક દેખાયું. માનો દેહ જેવો ઊભો થયો કે તરત જ તે બધાં જ કિરણો માની સામે પ્રગટ થયાં. દરેક કિરણ પ્રગટે અને અદૃશ્ય થતાં રહ્યાં.

મા હાથ જોડી ઊભાં રહ્યાં. તરત જ પ્રાર્થના શરૂ કરી, 'દર્શન દઈ સમાવી લો.' એ પછી તરત જ આજે મા જરાક હાથ છોડી એ પ્રકાશને પકડવા, સ્પર્શ કરવા, સંસ્પર્શ પામવા પ્રયત્ન કરે છે. પહેલીવાર એને પકડવાની ઇચ્છા જાગી. પણ, એ ના પકડી શકાયો. એ પ્રકાશ પૂંજનાં બધાં જ તેજસ્વી પ્રકાશીત કિરણો પ્રગટ થઈ થઈને અદૃશ્ય થઈ ગયાં.

ત્યારે માએ પાછળ ફરીને ઘડિયાળમાં જોયું તો સાડા નવ વાગ્યા હતા.



પ્રકાશ દર્શન અવકાશમાંથી અચાનક માની સામે જ પ્રગટે. ચિન્મય હોય એટલે તે સ્થિર નથી રહેતો. જાણે ઉડા ઉડ કરે. જાણે પ્રસન્ન બની નર્તન કરતો રહે.

તણખા ઝરે તેવો નહીં, પણ એક સરખા તેજના કણ–કોઈ નાના કે મોટા ના હોય. અદ્ભુત એ કિરણો જોતાં જ મા ક્યાં ઊભાં છે, શું કરી રહ્યાં છે, ક્યા શહેરમાં છે, કોણ સાથે છે તે બધું જ વિસ્મૃત. માત્ર ને માત્ર દર્શન અને પ્રાર્થના. હાથ જોડવાનું પણ કદાચ એ પ્રકાશ પોતે જ યાદ કરાવે છે. તો વળી પ્રાર્થના પણ એ જ કરાવી લે છે.

જે પ્રગટે છે તે જ બધું સંભાળી લે છે. પોતાનામાં જ મગ્ન–મસ્ત બનાવી દે. જો એ દર્શનનો સમય જરા વધુ હોય તો કદાચ દર્શન કરતાં કરતાં ઉઘાડી આંખે જ પામેલા પ્રસાદથી કદાચ નીચે આવવામાં, સૌ સાથે પાછા સ્થિર થવામાં અસમતુલા થઈ શકે.

શ્રી હરિ જેટલો પ્રકાશ પ્રસાદ ધરે છે, એટલો જ જરૂરી હશે. એટલો જ પચી શક્તો હશે. ધીમે ધીમે જેમ વૈધરાજ ઔષધની માત્રા વધારે ને આરોગ્યનું દાન ધરે તે રીતે ધીરે ધીરે શ્રી હરિ અહીં આ હરિમંચે પણ પગલાં પાડી રહ્યા છે, એવું લાગે છે.

આ વરસે નવમી વાર આ પ્રસાદને પાત્ર ઠર્યા. હે હરિ, નિત્ય પ્રભાતે એ પ્રસાદ ક્યારે પ્રાપ્ત થશે? અને ક્ષણે ક્ષણ, શ્વાસે શ્વાસે ક્યારે પામીશું? અને એ પ્રકાશ પરમાત્માના સ્વરૂપમાં ક્યારે સદા માટે સમાઈ જઈશું? શા માટે હે હરિ આ જીવનને અલગ અસ્તિત્વ ધર્યું? ધર્યું તો કેમ હજી અખંડ–સતત પ્રત્યક્ષ નથી થતા?

હજી જે કંઈ જપ, તપ, વ્રત, પાઠ, પ્રણામ, મૌન કે નિર્જળા

જેટલું જેટલું, જે જે કરાવવું હોય તે આ ૬૫ વરસે શીઘ્રાતિશીઘ્ર કરાવી લો. વિલંબ ના કરો. જેવું જે જે ભાથુ બંધાવવું હોય તે તે વાત માને સમજાવી દો. ગાંઠે બંધાવી દો. એની લગની લગાડી દો. ધૂન જગાડી દો. બસ, એ ધૂન લાગતાં જ આ હાથમાં શ્રી હરિ રમતાં રોજ રોજ હસતા—નિત્ય સમીપે વસતા માત્ર ને માત્ર માને જ વરતા થઇ જાવ.

અહા—હા એ અવસ્થા હે હરિ, વિના વિલંબે ધરી દો. સર્વના સ્નેહ—સંબંધો, સર્વમંગલ કે સ્વર્ગારોહણ કે સત્યપથ કે સાત્વિક પાત્રો, સ્થળો કે ગ્રંથો કે પંથો કે વ્યક્તિ વિશેષ કે વિભૂતિઓ સર્વમાં સ્થિર થયેલું—ઉડતું—રમતું—મનને માત્ર ને માત્ર શ્રી હરિપદે જ જોડો. સ્થિર કરો.

બસ, અખંડ આ મનથી હરિ નામની એક માત્ર મસ્તી જગાડી દો. મૌનવ્રતને આ માના માધ્યમમાં જીવનદાન દઇ દો. આ પ્રણામ પૂજા શ્વાસે શ્વાસે થયા કરો. આ હરિમંચે આસન ધરી દો. આ હરિનામને હૈયાનો હાર કરી દો. જે હાર સંસારના સર્વ સંબંધોને હરાવી  માત્ર ને માત્ર અહી જ આ હરિમંચે જ દીપી ઉઠો.

હે ચારે દિશાઓ, ચારે ખૂણાઓ, હે ધરતીમા, હે અવકાશ દેવતાઓ, હે સિદ્ધ સમર્થ મહાત્માઓ, હે ભક્તરાજવીઓ તમે વર્તમાનમાં હો કે ભૂતકાળમાં હો કે ભવિષ્યમાં પ્રગટવાના હો, આપ સર્વને અરે, ઓ સૂર્યનારાયણ, ઓ ચંદ્રનારાયણ, ઓ જળદેવતા, હે અગ્નિદેવતા, હે વાયુદેવતા, આપ સૌના પાવન શ્રી ચરણે વારંવાર દંડવત્ પ્રણામ સાથે પ્રણામ સાથે પ્રાર્થના છે કે આ હરિમંચને મૌનવ્રતથી મઢી દો. હરિમંચને હરિનામથી મઢી દો. હરિમંચને મૌનવ્રતથી મઢી દો. હરિમંચને પ્રણામ



પૂજાથી પાવન કરી દો. નિર્જળા વ્રતથી વધાવી દો.

આ ચાર સાધન—

૧. હરિનામ

૨. મૌન

૩. પ્રણામ

૪. નિર્જળા

આ ચારે સાધનો આપને પણ અમારી પ્રાર્થના છે કે આપ આ શ્રી હરિ આંગણે પધારો. શ્રી હરિ પલંગે બિરાજો. શ્રી હરિ અંકે પોઢો.

અરે, આ ગૌમુખી, માળા, અરે ઓ પંચમહાભૂત સૌ આ ધ્યેયમાં, આ મંજીલમાં, મારગમાં, પંથમાં, એ મલકમાં પહોંચાવવા સહાયક થાવ, સહાયક થાવ. હે પરમપિતા પરમેશ્વર પ્રસન્ન થાવ, પ્રસન્ન થાવ. પ્રગટ થાવ, પ્રગટ થાવ. દર્શન દઇને સમાવી લો. હે મારાનાથ અનંત યોનિના અધૂરા પ્રણામ કરાવી લો. પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

અરે, ઓ પ્રકાશ સ્વરૂપ પરમાત્મા આપ તો શક્તિપીઠ છો. પાવર હાઉસ છો. જ્યાં તમે પ્રગટો ત્યાં ત્યાં શક્તિનો અખંડ સંચાર. પ્રકાશ સ્વરૂપ આપના દર્શન માત્રથી નવી શક્તિ, નવી સ્ફૂર્તિ અને પરિશ્રમને સલામી.

પ્રકાશ દર્શન પછી ૩ ક્લાક તો સત્સંગની બેઠકમાં વીત્યા અને પછી મહાબળેશ્વરની યાત્રાની તૈયારીમાં દિવસ તો વીતી ગયો.

ભાઇ આનંદ પોર્ટેબલ ડી.વી.ડી. પ્લેયર રાજીવ સાથે લઇ આવ્યો છે. જાણે હવે હરિદર્શનનું, હરિવાણીનું અખંડ સુખ. પ્રભાતે, મધ્યાહ્ને, સંધ્યા સમયે કે મધ્યારાત્રીએ જ્યારે પણ શ્રી

ગુરુ ભગવંતનું દર્શન કરવું હોય ત્યારે કરી શકાશે. હે આનંદ, હે રાજીવ, તમારું ભગવાન ભલું કરો.

હે ભગવાન, આ દેહનાં મોટાબેન સાવિત્રીબેન તથા શ્રી નારાયણદાસનું પણ પરમંમંગલ કરજો. એમના જીવનને સ્વજનોના તથા પ્રભુ આપના પ્રેમથી નંદનવન કરજો.

-----------------★-----------------------

આ પ્રકાશદર્શન સાચે જ સૂતેલી ચેતના જગાડી ગયું. ઢંઢોળીને ઉઠાડતું ગયું. ઉઠાડીને દોડાવતું ગયું. હા, પ્રકાશદર્શનથી પ્રાપ્ત થયેલી શક્તિ અને સ્ફૂર્તિ કોઈ બજારમાં ના મળે, તેવી અમૂલ્ય, અવર્ણનીય.

માની એક ટેવ છે. પ્રવચન સમયે કે ભજન ગાતા કે જપ કરતાં કે ધૂન સાંભળતા બંન્ને નેત્રો સહજ જ બંધ થઈ જાય છે. પ્રણામ સમયે પણ નેત્રો બંધ જ હોય છે. આજે પણ બંધ જ હતાં.

તો ચાલુ પ્રણામે કોણ અદશ્ય રીતે, ગુપ્ત રીતે આવીને કહી ગયું?

પ્રકાશસ્વરૂપ પોતે જ માની આંખ ઉઘાડી ગયું. આંખ ઉઘડતાં જ પ્રકાશનું એક જ તેજસ્વી કિરણનું દર્શન મળ્યું ને ઊભા થતાં તો અનેક તેજસ્વી પ્રકાશનો પ્રસાદ પ્રાપ્ત થયો.

જુઓ, બંન્ને આંખ બંધ જ હતી કોણે ખોલી? કોણે ખોલાવીને કોણે ઈચ્છા જગાડી કે આંખ ખોલીએ?

પરબ્રહ્મ પરમેશ્વર કૃપા કરે છે, દયા કરે છે. હળવેથી બાળની આંખ ઉઘાડે છે. રખેને મારો ભક્તબાળ મારા દર્શનથી વંચિત રહી જાય. જેમ ભૂખ્યા ઊંઘતા બાળકને જગાડીને પણ માતા સ્તનપાન કરાવે. ભોજન ધર્યા વિના માતાને ચેન જ ના



પડે. તેવું અહીં પ્રભુને પણ થયું. અરે, આ માની આંખ તો બંધ છે? મારા પ્રકાશીત સ્વરૂપનાં દર્શન કેવી રીતે કરશે? ચાલ, હું જ માના મન અંતરે પ્રવેશીને એને પ્રેરણા ધરું કે આંખ ઉઘાડો. દર્શનનો થાળ આવી રહ્યો છે.

એટલે પ્રકાશ દર્શન કરાવવાની પણ જાણે શ્રી હરિને જ ચિંતા. શ્રી હરિની જ જવાબદારી.

આજે એવું જ થયું. શ્રી હરિએ પોતાની જવાબદારી સમજીને માને ઢંઢોળીયાં. બંધ આંખો ઉઘાડાવીને દર્શન કરાવ્યાં.

અદ્‌ભુત છો. હે પ્રભુ આપની સર્વ યોજના પણ અદ્‌ભુત છે. આપના કર્તવ્ય અને તેની વિવિધ રીત પણ અદ્‌ભુત છે. હે પ્રભુ, આપને પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.


વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# સૌથી સહેલો સાક્ષાત્કાર

**યોગભિક્ષુ**

જીવન માટે આત્મસાક્ષાત્કાર જો અત્યંત આવશ્યક હોય તો તે અતિ સરળ અને સાવ સસ્તો હોય. જો તે અતિ સરળ અને સસ્તો ન હોય તો જીવન માટે તેની અત્યંત આવશ્યકતા ન હોય શકે. આ એક મનોવૈજ્ઞાનિક તથ્ય છે. વિશ્વમાં બધે આજ નિયમ પ્રવર્તતો અનુભવાય છે. જીવન માટે જે અતિ આવશ્યક છે તે સાવ સસ્તુ અને સાવ સહજતાથી પ્રાપ્ત થઇ શકે અને જે જેટલું ઓછું જરૂરનું છે તે તેટલું કઠીનતાથી અને વધુ કિંમતે પ્રાપ્ત થઇ શકે, તેવી વ્યવસ્થા કુદરતમાં જોવા મળે છે જેમકે :-

વસ્ત્રો, અન્ન, પાણી અને હવા તે અનુક્રમે એકબીજાથી વધુ અગત્યના છે તેથી અનુક્રમે એક બીજાથી વધુ સસ્તા ને વધુ સરળતાથી પ્રાપ્ત થઇ શકે તેવાં છે. હવા વિના જીવન થોડીક ક્ષણો પણ ટકી ન શકે તેમ છે તેથી હવા સાવ મફત, ખૂબ સરળતાથી અને સર્વ ઠેકાણેથી પ્રાપ્ત થઇ શકે તેવી વ્યવસ્થા છે.

જેમ જેમ તત્વની સૂક્ષ્મતા તેમ તેમ તેની આવશ્યકતા અને વ્યાપકતા વધુ. જેમ જમ આવશ્યકતા અને વ્યાપકતા વધુ તેમ તેમ તેની પ્રાપ્તિની સરળતા વધુ. અને જેમ જેમ પ્રાપ્તિની સરળતા વધુ તેમ તેમ તેની અમૂલ્યતા વધુ. અમૂલ્યતા એટલે જેનું મૂલ્ય આંકી જ ન શકાય તેટલું મૂલ્યવાન; તેથી તે સાવ મફત મળે!

આત્મસાક્ષાત્કાર અતિ આવશ્યક છે. પરંતુ આત્મસાક્ષાત્કાર કોણે કરવાનો છે? શાનાથી કરવાનો છે? ચૈતન્ય આત્મતત્ત્વ દ્વારા તો બધા જ જડ પદાર્થોનો સાક્ષાત્કાર થાય છે જ. ચૈતન્યે



ચૈતન્યનો સાક્ષાત્કાર શા માટે કરવો? કેવી રીતે કરવો? ચૈતન્ય તો ચૈતન્યમાં સુસ્થિર છે જ. એ સાક્ષાત્કાર જ છે.

સાક્ષાત્કાર નિત્ય અખંડપણે પ્રાપ્ત છે;
કાંખમાં છોકરું ને બીજે ગોતવા જેવી આ વાત છે !

સાક્ષાત્કાર નિત્ય—અખંડ સહજ—સરળ પ્રાપ્ત છે તેથી જ તે 'પ્રાપ્ત નથી' તેવો આભાસ થાય છે. યથા યોગ્ય સમજણ દ્વારા જ તેની પ્રતીતિ સંભવે છે. તેના માટે કોઇ સ્થૂળ સાધન કામ નહીં આવે.

સ્વપ્નમાં, ધ્યાનમાં કે કોઇ ઇતર અવસ્થામાં દેવ—દેવીનાં કે સંતમહાત્માઓનાં કોઇ અદ્‌ભૂત દશ્યો દેખાય કે ચિત્ર વિચિત્ર પ્રકાશ(જ્યોતિ) ભળાય કે અનેકવિધ ધ્વનિઓ(નાદ) સંભળાય કે થોડી અલૌકિકતા પ્રાપ્ત થાય તેથી શું? તેનાથી જીવનમાં શું ફર્ક પડે છે? કયી વિશેષતા આવે છે? જેમ ચલચિત્ર જોતા હોઇએ ત્યારે થોડો આનંદ પ્રાપ્ત થાય છે અને પછી હતા તેવાને તેવા! તેમ આમા પણ આવું જ બને છે! આ સાચો સાક્ષાત્કાર નથી.

સાક્ષાત્કારની અસર સમગ્ર જીવનને આવરી લે છે—સંપૂર્ણ જીવન પર પથરાઇ જાય છે. સાક્ષાત્કારીના જીવનમાં પરિપૂર્ણ સમાધાન પ્રવર્તે છે, તે નિત્ય તૃપ્ત બની જાય છે.

જેની પ્રાપ્તિ અતિઘણી કઠન હોય છે તેને પ્રાપ્ત કરવા માટે— તેને સમજવા માટે અન્યની સહાયતાની જરૂર પડે છે. તેમ જે અતિઘણું સરળ હોય છે તે પણ જાતે નથી પ્રાપ્ત કરી શકાતું—જાતે નથી સમજી શકાતું. તેના વિશેની સમજણ પણ તેના વિશેષજ્ઞો પાસેથી જ પ્રાપ્ત થઇ શકે છે. સાક્ષાત્કારની સમજણ આપનારને સદ્‌ગુરુ કહે છે.

એ ભૂલાવું ન જોઇએ કે સાક્ષાત્કાર બેહદ સરળ છે અને તેથી તેનો અભાવ લાગે છે. 'તરણા ઓથે ડુંગર, ડુંગર કોઇ દેખે નહીં' અને 'કસ્તુરી કુંડલ બસે, ઢુંઢે વનમાંહી' એવી સ્થિતિ છે! ◉

# સંતો—બ્રહ્મવેત્તાઓની પરીક્ષા કોણ કરી શકે?

પ્રા. જનાર્દન દવે

સામાન્યપણે એવું કહેવાય છે કે મૃત્યુ સમયની સ્થિતિ જીવનજીવ્યાની પરીક્ષા છે. આ વિધાનને જરા તપાસવા જેવું છે. મૃત્યુ સમયની કઇ સ્થિતિ ગણવી? દેહની અવસ્થા, અંતકાળની સદ્ગતિ કે દુર્ગતિ માટે પરીક્ષાનું મૂલ્યાંકન ગણી શકાય? દેહમાંથી ઝાડોપેશાબ વિસર્જિત થાય કે દેહ ગંધાઇ ઊઠે તે શું પ્રમાણ મનાશે?

આ પ્રશ્નનો જવાબ હા અને ના બંનેમાં છે. સર્વ સામાન્ય સંસારી; પૂર્ણવિષયી જીવો માટે અધોદ્વારે પ્રાણ નિષ્ક્રમણ જરૂર જીવની અધોગતિ બતાવશે. પણ જિંદગીભરની ભક્તિસાધના કરી રહેલો ભગવાનમાં એકાન્તિક ભક્તિથી પૂર્ણ રીતે રંગાયેલો ભક્ત કે કોઇ બ્રહ્મવિદ્ પૂજ્ય મહાત્માનાં શરીરમાંથી દુર્ગંધ છૂટે, કે મળમૂત્ર વિસર્જન થઇ જાય, તો તેમની પરમગતિ માત્ર આટલા પરથી નથી થઇ, દુર્ગતિ થઇ એમ સિદ્ધ ન થઇ શકે.

૧. **अधिभूतं क्षरो भावः** શરીર અધિભૂત છે. પ્રાણોના ઉત્ક્રમણ સાથે ઇન્દ્રિયોના નેત્ર શ્રોત્રાદિ માત્ર ગોલકો શબમાં રહે પણ તેના અધ્યાત્મ અને અધિદૈવત પણ દેહ છોડી જતા હોઇ પછી સ્થૂળશરીરનું નિયમન કરનારાં તત્ત્વો રહ્યાં ન હોઇ મળમૂત્ર વિસર્જન પણ થઇ જતાં હોય છે.

૨. સંતો—ભક્તો—બ્રહ્મવેત્તા મહાત્માઓ તો ક્યારના યે દેહ છોડતા પૂર્વે વર્ષોની ભક્તિમાર્ગીય, યોગમાર્ગીય કે જ્ઞાનનિષ્ઠાવડે સ્વશરીર અને સ્થળ, પુત્ર મિત્ર કલત્રથી તીવ્રપણે અસંગ થઇ ભગવાનમાં દૃઢાસક્ત બનેલા હોઇ, તેમને દેહાનુસંધાન જ રહ્યું હોતું નથી અથવા ભગવત્સેવા પૂરતો જ દેહનો ઉપયોગ માને



છે, દેહસહિત સર્વસ્વ કૃષ્ણાર્પણ કરેલું હોય તેવા ભક્તોની પ્રારબ્ધવશાત્ અંતકાળે જે સ્થિતિ થતી હોય તે થાય, પણ તીવ્ર ભગવદ્નુરાગથી તેમની પરમગતિ અવશ્ય હોય જ.

૩. બ્રહ્મજ્ઞાનના બારામાં તો વેદાંતે ''**स शरीरस्य सतः प्रियाप्रिये न स्पृशतः**'' એવી જીવન્મુક્ત અવસ્થા—ભાગવતજીના પંચમસ્કંધમાં ભગવાન ઋષભદેવજીની દ્વારા વર્ણવી છે તેવી થતી હોઇ શરીર તો માત્ર પડછાયા જેવું થઇ જાય એવી ''**देह सते विदेह स्थिति**'' પછી પ્રારબ્ધ પૂર્ણ થયે પરમ કૈવલ્ય થતું હોય, ક્યાંયે ગમનાગમન પણ ન હોઇ—તેમાં વર્ષોથી છૂટેલા દેહાધ્યાસ પછી મળમૂત્ર નીકળે કે શરીર ઝગારા ન મારે. દેહ ગંધાય તેથી શી હાનિ?

૪. પરમ શ્રદ્ધેય સંતપ્રવર સદ્ગુરુ શ્રીમદ્ ડોંગરેજી મહારાજ દશમસ્કંધના પ્રારંભે વુદેવજી કંસને કહે છેઃ—

**मृत्युर्जन्मवतां वीर देहेन सह जायते ।**
**अद्य वा अब्दशतान्ते वा मृत्युर्वै प्राणिनां ध्रुवः ॥**

આ શ્લોકનો મર્મ પૂજ્ય મહારાજશ્રી એમ સમજાવતા કે માતાના ઉદરમાં શરીરરચના બનવા સાથે જ મૃત્યુની પળ, મૃત્યુનું નિમિત્ત, મૃત્યુનું સ્થળ, મૃત્યુ રોગથી, અકસ્માતથી, અગ્નિથી, વીજળી પડવાથી, ડૂબી જવાથી વગેરેમાંથી શી રીતે થશે એ બધું ગર્ભાવસ્થામાં જ પ્રારબ્ધ પ્રમાણે નક્કી થતાં હોય છે. વર્તમાન દેહમાં ગમે તેવી ઉન્નત સાધના—ભજન કર્યા હોય, દેહ તો પ્રારબ્ધનિર્મિત હોય તેમ જ છૂટે એનાથી એની ભક્તિ—યોગ કે જ્ઞાનસાધના નિષ્ફળ ગઇ એમ થોડું કહેવાય?

૫. મહર્ષિ જમદગ્નિનું સહસ્રાર્જુનના પુત્રોએ મસ્તક કાપી, આશ્રમમાં જ રેણુકાની દેખતાં ભાલામાં ભરાવ્યું તો મહર્ષિની દુર્ગતિ ગણવી?

જેમ પરમહંસ યોગાનંદજીના નિર્વાણ પછી તેમનું શરીર દિવસો સુધી વિકારરહિત, ઝગારા મારતું રહ્યું તેમ બધામાં આમ જ બનવું જોઇએ તો મુક્તિ, અન્યથા દુર્ગતિ?

દક્ષિણભારતમાં વિદેશથી આવી યોગિનીમાતા તરીકે પૂજાતા એક ભગવતીરૂપ શ્રીમાનું નિર્વાણ પછી શરીર એવું કદરૂપું લાગતું હતું કે તેમનાં એ સ્થિતિના ફોટા રાખવામાં આવ્યા નથી, પણ માત્ર ને માત્ર આટલા પરથી જ યોગીરાજનું સાન્નિધ્ય અને સ્વયં જગદંબારૂપ એ શ્રી મા વિષે સદ્‌ગતિ દુર્ગતિની પરીક્ષા કરવાની આપણી શી હૈસિયત?

પરમ પૂજ્ય શ્રીમદ્ સદ્‌ગુરુદેવ અખંડાનંદ સરસ્વતીજી અમારા એમના ચરણાશ્રયી શિષ્યકાળે ત્રણચાર જણને એક એવા મહાત્માનાં દર્શને લઇ જતા જેમનાં સત્સંગ માટે ચારેય પીઠના શ્રીમદ્ શંકરાચાર્યો, ધર્મસમ્રાટ કરપાત્રજી, શ્રી શ્રી મા આનંદમયી, ''પંડિત પંચાનન'' બદરીનાથ શાસ્ત્રીજી, ઇત્યાદિ આવતા, એમની સાથેના પ્રશ્નોત્તર કલ્યાણના વિશેષાંકમાં મોખરે સ્થાન લેતા એમનું સ્થૂળ શરીર વિચિત્ર રીતે છૂટેલું.

કબીર સાહેબ મગહરમાં જઇ ઇરાદાપૂર્વક શરીર ત્યજી ગયેલા. માટે શરીરની અંતકાળે મળમૂત્રવાળી, હોલી વહેલી, અકસ્માતથી, જે પણ દશા હોય તેનો સામાન્ય સંસારીનો માપદંડ મહાત્માઓ જ્ઞાનીઓ માટે ન લગાડવો.

''**शीर्यते इति शरीरम्**'' શરીર છૂટવું પ્રારબ્ધનિર્મિત છે, પુષ્પવૃષ્ટિ થવી, સ્વર્ગનાં નગારાં વાગવાં એ તો કાવ્યની ભાષા છે, ભીષ્મદાદાનું બ્રહ્મનિર્વાણ બાણશય્યાની સ્થિતિથી કરાશે?

પરીક્ષિત રાજાએ ભગવાન શુકદેવજીનાં સમાગમમાં ભાગવતશ્રવણ કર્યું છતાં દેહ તો તક્ષકના દંશથી વિષજ્વાળા દ્વારા જ છૂટ્યો. તો ભાગવતજી પ્રમાણે ભાગવતશ્રવણે મુક્તિ ન



અપાવી એમ કહેવાશે?

૬. ઉપનિષદોએ બે ઉદાહરણ આપ્યાં છે. રેશમી ઝભ્ભાવાળો કોઇ ગૃહસ્થ કાંટાળીવાડની સાંકડી કેડીએથી નીકળતાં વસ્ત્ર ઝાંખરામાં ફાટી ચીંથરારૂપે રહે, વ્યક્તિ તો આગળ નીકળી ગઇ, આ ચીંથરા પર ઠંડી પડે, લૂ વરસે, વીજળી પડે તો પેલાને શી અસર?

સર્પ કાંચળી ઝાડમાં ભરાયેલી રહે, સર્પ તો કાંચળી છોડી નીકળી ગયો, આ ત્યજાયેલી સર્પત્વચા પર ઠંડી ગરમી, વાવાઝોડાં આવે તે નીકળી ગયેલા સર્પને કોઇ લાભહાનિ કરી શકે ભલા? માટે શરીર છૂટવાને તેમની પરમગતિના પરિપ્રેક્ષ્યમાં જોવા જતાં મહાપુરુષોનો અપરાધ થવાની શક્યતા છે, માટે લેખ લખવામાં, સંપાદકે પસંદગી કરવામાં ધ્યાન રાખવું સારું.

વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.
**આ દિવસો પણ ચાલ્યા જશે.**
**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.